
નૂતન શ્રી નરનારાયણદેવ મંદિર મહોત્સવ
લંગાટા - નૈરોબી

કિંમત ₹ ૫


# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક:૧૧૩ ● સપ્ટેમ્બર ૨૦૧૬



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧


નૂતન શ્રી નરનારાયણદેવ મંદિર મહોત્સવ
લંગાટા - નૈરોબી



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૦ ● અંક : ૧૧૩

સપ્ટેમ્બર-૨૦૧૬

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | હરિમંદિરની સેવા | ૦૬ |
| ૦૪. | “એ તો મુલકનો પાદસાહ છે !” | ૦૮ |
| ૦૫. | શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ લંગાટા | ૧૦ |
| ૦૬. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૧૨ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૬ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૨૩ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૫ |
| ૧૦. | પ્રશ્ન પેટી | ૨૯ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૩૦ |


# અસ્મદીયમ્

પછી મહારાજ બોલ્યા જે,


''શ્રીમદ્ ભાગવતમાં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે તેવી તો કોઈ કથા ચમત્કારી નથી. કેમ જે, ભરતજી તો ઋષભદેવ ભગવાનના પુત્ર હતા, ને ભગવાનને અર્થે સમગ્ર પૃથ્વીનું રાજ્ય ત્યાગ કરીને વનમાં ગયા હતા. અને ત્યાં ભગવાનનું ભજન કરતા થકા મૃગલીના બચ્ચાને વિષે પોતાને હેત થયું ત્યારે તે મૃગને આકારે પોતાના મનની વૃતિ થઈ ગઈ. પછી એવા મોટા હતા તો પણ તે પાપે કરીને મૃગનો અવતાર આવ્યો. માટે અનંત પ્રકારના પાપ છે પણ તે સર્વે પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત કરવું તે અતિ મોટું પાપ છે. માટે જે સમજુ હોય ને તે જો એ ભરતજીની વાત વિચારે તો અંતરમાં અતિ બીક લાગે જે, રખે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય. એવી રીતની અતિશય બીક લાગે. અને ભરતજી જ્યારે મૃગના દેહનો ત્યાગ કરીને બ્રાહ્મણના ઘેર અવતર્યા, ત્યારે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય તેની બીકે કરીને સંસારના વ્યવહારમાં ચિત્ત દીધું જ નહીં, તે જાણીને ગાંડાની પેઠે વર્ત્યા અને જે પ્રકારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહે તેમજ રહેતા હવા. (વ.ગ.અંત્ય. ૧૭)

માટે ભક્તો આપણે જગતના વ્યવહારમાં રહીને પણ આ શ્રીહરિની વાતનું ખાસ અનુસંધાન રાખવું. જેથી કરીને આપણું કલ્યાણ ન બગડે. ગમે તેવી પરિસ્થિતિમાં પણ સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન, ભજન, કીર્તન અર્હનિશ કરતા રહેવું. જગતના વ્યવહાર ગૃહસ્થને કરવા પડે. પણ તેમાં આસક્તિ, મોહ ન રાખવો. સ્થિતપ્રજ્ઞ રહેવું.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ




# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ
(ઓગસ્ટ-૨૦૧૬)



| | |
|---|---|
| ૫થી૧૫ | નાઈરોબી (કેનિયા) કચ્છ સત્સંગ સ્વામિનારાયણ નૂતન મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૭થી૨૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર બોસ્ટન (અમેરિકા) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૫ | અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. |
| ૨૭ | પ.ભ. જીજ્ઞેશભાઈ ગોવિંદભાઈ પટેલને ત્યાં પધરામણી. થલતેજ<br>શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા જ્ઞાનસત્રની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી. |
| ૨૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) હિંડોળા અને હિમાલય દર્શનની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી. |
| ૩૧ | વિદેશ ધર્મયાત્રા |

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ
(ઓગસ્ટ-૨૦૧૬)

| | |
|---|---|
| ૧૦થી૧૪ | નાઈરોબી (કેનિયા) કચ્છ સત્સંગ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી જન્માષ્ટમીના સમૈયા પ્રસંગે પધરામણી.<br>રાત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પ્રસંગે આયોજીત કીર્તન સંધ્યા અને શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી ઉતારવા પધાર્યા. |
| ૨૮ | ડાંગરવા ગામે સત્સંગ યુવા શિબિર પોતાના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ. |



# હરિમંદિરની સેવા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી શ્લોક નં. ૧૨૧ માં આત્યન્તિક મુક્તિનો અર્થ સમજાવતાં લખ્યું કે, ''સેવા એજ મુક્તિ'' ભક્તિમાર્ગમાં ભક્તને ભગવાન પ્રસન્નતાના સ્વરૂપે સર્વ પ્રથમ ભક્તને સેવાનો યોગ પછી સત્સંગની સેવાનો યોગ પછી અંતમાં નિજસ્વરૂપની સેવાનો યોગ આપે છે. નિજ સેવા મળી એ જ મુક્તિ માનીને સેવા કરે તો ભગવાન તેવા ભક્તને અક્ષરધામમાં અખંડ પોતાની સેવામાં રાખે છે. તેથી આપણા સંપ્રદાયમાં ભગવાનના સ્વરૂપની સેવાના અભ્યાસ માટે શિખરબધ્ધ મંદિર, હરિમંદિર, ઘર મંદિર, પોતે લીધેલી નિત્યપૂજા અને માનસી પૂજા આ પાંચ પ્રકારની સેવા પૂજા વડે ઈષ્ટદેવની ઉપાસના કરવામાં આવે છે. સેવાના નિમિત્તે ભગવાનના સમીપમાં રહેવું એ ઉપાસનાનો અર્થ થાય છે. આવા પ્રકારની સેવા સર્વ સાધનોના ફળ અને જન્મ જન્માન્તર ફળ અને ઈષ્ટદેવની પ્રસન્નતાથી મળે તેને મુક્તિ કહી છે. કલ્યાણ અને મુક્તિ બન્નેમાં ફરક છે. કલ્યાણના અનંત ભેદ કહ્યા છે. પણ મુક્તિના અન્ય કોઈ ભેદ કહ્યાં નથી.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના નવમા સ્કંધમાં ભગવાને નારદજી પ્રત્યે કહ્યું કે, હું સ્વતંત્ર હોવા છતાં મારા પ્રેમલક્ષણા ભક્તિવાળા ભક્તને આધીન છું. મારા ભક્તની મનોકામના પૂર્ણ કરવા તથા સેવા અંગીકાર કરવા ભક્તના પ્રેમને વશ છું. ભક્ત જ્યારે જગાડે ત્યારે જાગું, જ્યારે શયન કરાવે ત્યારે શયન કરું, જમાડે ત્યારે જમું છું. જે જે પદાર્થ અર્પણ કરે તે અંગીકાર કરું છું એવા નિર્ગુણ ભક્તની સમીપમાં સદાય રહ્યો છું.

પૂષ્ટિમાર્ગના પ્રવર્તક વિઠ્ઠલનાથજીએ કહેલી સેવા રીતિમાં ''જે દેહને તે દેવને'' એ મતાનુંસાર ઠાકોરજીની પ્રગટ ભાવથી રુચિ અનુસાર સાંગોપાંગ અનુવૃત્તિ રાખીને સેવાના પદાર્થોમાં પ્રેમરૂપી ભાવ ભેળવીને સ્વરૂપનો આસ્વાદ માણવાની સેવાની પરંપરા આપણા ઈષ્ટદેવ શ્રીહરિએ પ્રવતાવેલ છે.

ઉપર જણાવેલ પાંચ પ્રકારની સેવામાં હરિ મંદિરની સેવા વિધિનું આપણા મોટા સંતો અને હરિભક્તોએ પ્રમાણિત કરેલ પરંપરાગત સર્વમાન્ય સરળ સેવા વિધિનું નિરુપણ કહું છું.

આપણા સંપ્રદાયની ઉત્તર અને દક્ષિણ વિભાગની બન્ને ગાદીસ્થાનના તાબા હેઠળ કુલ મળીને દશ હજાર પાંચસોથી વધુ હરિ મંદિરો આવેલા છે. તેમાં કેવળ ઉત્તર વિભાગ શ્રી નરનારાયણદેવની ગાદીમાં દર વર્ષે નવા (૨૦) વીસ જેટલા મંદિરોનો ઉમેરો થાય છે. તે તમામ મંદિરોમાં સેવા પૂજા કરતા પૂજારીશ્રીઓના બહુજ મોટા ભાગ્યશાળી જાણવા. જેમના હાથની સેવા પરબ્રહ્મ પ્રગટ પૂર્ણપુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વયં અંગીકાર કરે છે તે પૂર્ણકામ કૃતાર્થ પરમપદનો અધિકારી જાણવો. તે વ્યવહારે ભલે સામાન્ય જણાતો હોય પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રે મોટો જાણવો. કેમ કે કોઠારી-ટ્રસ્ટીઓની પસંદગી ગામના હરિભક્તો કરે પરંતુ પૂજારીની પસંદગી તો સ્વયં પરબ્રહ્મ શ્રીહરિ કરે છે. જેને પૂજા કરવાનો સંકલ્પ થાય તો જાણજો શ્રીહરિ મારા પર પ્રસન્ન થયા છે. અને પૂજા મુકી દેવાનો વિચાર આવે તો જાણજો ભગવાન મારા પર નારાજ થઈ રહ્યાં છે. મારા હાથની સેવા ભગવાન સ્વીકારવા ઈચ્છતા નથી. તે સમયે

પ્રાર્થના કરવી. ક્ષમા યાચના કરીને પૂજા મુકવી નહિ. કેમ કે, આવો તાલ-યોગ-મેળ-ટાણું-વારો ફરી નહિ મળે.

સેવાવિધિ સવારે બ્રાહ્મમુહૂર્તથી સૂર્યોદય સુધીના સમયમાં સ્નાનાદિક નિત્યક્રમથી પરવારીને હરિમંદિરમાં બિરાજમાન અર્ચા (મૂર્તિ)માં ઠાકોરજી પાસે જઈ ઘંટડી વગાડી જગાડવાની પ્રાર્થના કરવી. પછી શુધ્ધ જળનો લોટો મુકી મનોમન સેવા શૌચ, દંતમંજન, ઋતુ મુજબ જળ વડે સ્નાન વસ્ત્રધારણ, અલંકાર ધારણ, પુષ્પમાળા, ચંદનનો માનસિક સંકલ્પ કરી શુધ્ધ ધોયેલું વસ્ત્ર (રૂમાલ) મૂર્તિ પર ફેરવવું. તે સમયે જે આવડે તે પ્રભાતિયુ - કીર્તન - અથવા નામ મંત્ર ગાવું ત્યાર પછી બાળભોગ નૈવેધ જે હોય તે તથા જળ ધરાવવું તથા જમો થાળ જીવન જાઉ વારી થાળ બોલવો. પછી પુષ્પમાળા અને તુલસીપત્ર અર્પણ કરી દિવો, અગરબત્તી પ્રગટાવીને આરતી કરવી.

પછી પ્રાતઃપ્રાર્થના ‘‘વિશ્વેશછો સકળ વિશ્વતણા વિધાતા. ગાતા ગાતા સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા. પછી હાથ જોડી જન્મયા કૌશલ દેશ બટુકના અષ્ટક, ચાર પરિક્રમા, યથાશક્તિ સ્વામિનારાયણ મંત્રની ધૂન કરવી. ત્યાર પછી હરિભક્તોએ પોતાની શ્રદ્ધા શક્તિ અનુસાર મૂર્તિના સાનિધ્યમાં સંપ્રદાયના મૂળ શાસ્ત્રોનું વાંચન કરવું.

ત્યાર પછી મધ્યાન્હમાં યથાશક્તિ થાળ મંદિરમાં બનાવેલો અથવા હરિભક્તના ઘરેથી લાવીને ધરાવવો. ત્યારે જમો થાળ જીવન જાઉ વારી થાળ ગાવો. જળ ધરાવીને ઠાકોરજીને પડદો બંધ કરી પોઢાડવા. ત્યાર પછી ચાર વાગ્યાની આસપાસ ભગવાનની સન્મુખ ઉભા રહી ઘંટડી વગાડી જગાડવાની પ્રાર્થના કરી શુદ્ધ વસ્ત્ર વડે મુખારવિંદને લૂછવું. પછી યથા શક્તિ ફળ જળ ધરાવી પડદો ખોલી નાખવો.

ત્યાર પછી પૂજારીએ સ્નાન કર્યા બાદ અથવા હાથપગ ધોઈને મંદિરે જઈને સંધ્યા સમયે ઠાકોરજી પાસે ઉભી દિવેટનો ઘીનો દિવો પ્રગટાવવો. વળી હનુમાનજીને તેલનો ગણપતીજીને ઘીનો દિવો અર્પણ કરી અગરબત્તી પ્રગટાવવી. પછી ત્રણ દિવેટની આરતી વડે બ્રહ્માનંદ સ્વામી રચિત ‘‘આરતી પ્રગટ પ્રભુજી કીજે અથવા જય સદ્‌ગુરુ સ્વામી આરતી ગાતા ગાતા ઓમ (ॐ)ના આકારે ચરણ, ઉદર, છાતી, હસ્ત, મુખારવિંદ પર સાત સાતવાર આરતીને ફેરવવી અને શંખજળની પ્રદક્ષિણા કરી હરિભક્તોને આપવી. ત્યારપછી સંધ્યા વંદના, રામકૃષ્ણગોવિંદ અષ્ટક, નવિનજીમૂત, નિર્વિકલ્પ ઉત્તમ અતિ, વિશ્વેસ છો, જન્મયા કૌશલદેશ, પ્રાર્થના ગાન કરવું. ભગવાનના નામની પ્રમાણિત જય ઉચ્ચ સ્વરે બોલવી. ત્યાર પછી સાંજનો થાળ-જળ ધરાવવું. તે સમયે પડદો બંધ રાખવો. પછી હરિભક્તોએ સમૂહમાં યથાશક્તિ શાસ્ત્ર વાંચન, કીર્તન, ધૂન કરીને જો શ્રધ્ધાવાન હો તો નિયમ ચેષ્ટા લીલા બોલીને પોઢણીયું બોલવું. સુખશૈયામાં પોઢાડવાનો સંકલ્પ કરવો. તે સમયે પૂજારીએ ભગવાનની પાસે જળનો લોટો ઢાંકીને મુકીને પ્રાર્થના કરવી કે રાત્રીમાં જળ પિવાની ઈચ્છા થાય તો અંગીકાર કરજો. એમ સંકલ્પ કરી પડદો બંધ કરી લાઈટો બંધ કરી દેવી. ત્યારબાદ કોઈએ કોઈ પ્રકારની ગ્રામવાર્તા-અવાજ કરવો નહિ.

તેમજ પ્રસંગોપાત આવતા ઉત્સવો જે, એકાદશી, રામનવમી, જન્માષ્ટમી, હિંડોળા, અન્નકૂટ, પાટોત્સવ પ્રસંગે વિશેષ યથાવિધિ યથાશક્તિ અનુસાર વ્રતોત્સવો કરવા તથા ધનુર્માસ નિમિત્તે વહેલી સવારે ભગવાનને ઉત્તમ નૈવેદ્ય ધરાવી પુસ્તકો મુકવા અને સ્વામિનારાયણ મંત્રની વિશેષ ધૂન કરવી.

જે ભક્તના ઘરનો થાળ ભગવાન જમે તેના ઘરના મનુષ્યોના પ્રારબ્ધ બદલાઈ જાય છે. જેમને ઠાકોરજીની સેવાનું વ્રત લીધું છે એવા પૂજારીને પૂજા કરે ત્યાં સુધી સૂતક લાગતું નથી. સ્નાન માત્રથી પવિત્ર થાય છે. આ નિયમ અખંડ વ્રત લેનારને લાગુ પડે છે.

ભગવાનને માટે પાણીનું માટલું અલગ રાખવું. રોજ ખાલી કરી સાફ કરીને પાણી નવું ભરવું. ભગવાનના વાસણો સાફ રાખવા. સિંહાસનમાં અન્ય કોઈપણ પ્રકારની વસ્તુ મુકી રાખવી નહિ. આર્ટિફિસીયલ હાર ભગવાનને ધરાવવા નહિ. મંદિરમાં સ્વચ્છતા રાખવી. પાટોત્સવ અને વિજયા દશમીના દિવસે ધજા નવી ચડાવવી. ઠાકોરજીને સત્‌શાસ્ત્રો શ્રવણ કરવાનું વ્યસન હોવાથી દિવસમાં એકવાર તો ભગવાનની સન્મુખ શાસ્ત્રનું વાંચન અવશ્ય કરવું. જે ગામમાં મંદિર હોય તેવા હરિભક્તોએ દિવસમાં એકવાર તો અવશ્ય દર્શન કરવા આવવું. જે આવતા નથી તેમને શ્રીમદ્ ભાગવતના મત મુજબ દેવાપરાધનો દોષ લાગે છે. મંદિરમાં અથવા બહાર મંદિરના ઓટલે બેસીને ગ્રામ્યવાર્તા કરવી નહિ.

# “એ તો મુલકનો પાદસાહ છે !”

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

શ્રીહરિની જ્ઞાનવાર્તા નિરૂપવાની શૈલી અનોખી છે. વાર્તાની શરૂઆત કરીને પછી ક્રમશઃ આગળ વધારવાની રીતિ એવી અદ્‌ભુત છે કે જે જ્ઞાન-બોધ આપવો હોય તે આપો આપ હૈયા સોંસરવો ઉતરી જાય છે.

સંવત ૧૮૭૭ ના માગશર વદી અમાવસ્યાને દિવસ શ્રીહરિ ગામ શ્રી લોયા મુકામે સુરા ભક્તના દરબારમાં સભા કરીને વિરાજમાન થયા હતા. હવે ભગવાન પોતાની મેળે જ બોલે છે, “જુઓને ભગવાનની માયાનું બળ કેવું છે જેણે કરીને વિપરીતપણું ઘણું થાય છે. કેમ જે, સારો જણાતો હોય ને પછી અતિશે ભૂંડો થઈ જાય છે.” એટલું કહીને પછી સંતોને કહે છે કે આજ તો પ્રશ્ન પૂછો તો વાર્તા કરીએ !”

નિત્યાનંદ સ્વામી મહારાજના કથનના અનુસંધાને પ્રશ્ન પૂછે છે કે, “હે મહારાજ ! પ્રથમ સારો હોય ને સ્તુતિ કરતો હોય અને તેનો તે પાછો નિંદા કરવા માડે છે. માટે સૂઝે એવા દેશ, કાળ, ક્રિયા, સંગ વિષમ થાય તો પણ સારો ને સારો જ રહે પણ કોઈ રીતે વિપરીત મતિ થાય નહિ તે કેવી રીતે થાય ?”

હવે શ્રીજી મહારાજ પોતાને જે કહેવું છે તે વાર્તાનો દોર આગળ વધારે છે અને સભાને સમજાવે છે કે (૧) દેહનો અનાદર હોય અર્થાત્ દેહાભિમાન ન હોય (૨) દઢ આત્મનિષ્ઠા હોય (૩) પંચ વિષય પ્રત્યે વૈરાગ્ય હોય અને (૪) ભગવાનનો માહાત્મ્યે સહિત યથાર્થ નિશ્ચય હોય - આ ચારેય વાના જેને હોય એવા ને સૂઝે એવું દેશકાળાદિકનું વિષમપણું થાય તો પણ એની મતિ અવળી થાય નહિ.

કેમ જે દેહાભિમાની હોય અને પંચવિષયનો અતિશે અભાવ ન થયો હોય ત્યારે સંત એ વિષયનું જ્યારે ખંડન કરે ત્યારે એવા મોટેરા સંત પ્રત્યે પણ અભાવ થઈ જાય છે અને પછી ભગવાનનો પણ અભાવ આવે છે. દેહાભિમાની તો સર્પની લાળ સરખો છે. સર્પે લાળ નાખી હોય એવું દૂધ સાકર જેણે પીધું તે વહેલો મોડો જરૂર મરનારો છે. તેવી જ રીતે દેહાભિમાની હોય તે જરૂર સંતનો અભાવ લઈને સત્સંગમાંથી પડી જશે. માટે દેહાભિમાનને ટાળવું. બીજું આત્મનિષ્ઠાની સમજણ દઢ કરવી અને ત્રીજું પરમેશ્વરનું માહાત્મ્ય જેમ છે તેમ યથાર્થ સમજે, તે માહાત્મ્ય તે શું ?

તો જે ભગવાનની બીકે કરીને ઈન્દ્ર વર્ષે છે, સૂર્ય, અગ્નિ, ચંદ્રમાં પ્રકાશ કરે છે. પૃથ્વી સર્વને ધારી રહી છે, સમુદ્ર મર્યાદા નથી લોપતો, ઔષધો ઋતુને પામીને ફળે છે. અને જે ભગવાન જગતની ઉત્પત્તિ, સ્થિતિ પ્રલયને કરે છે, અને જેની શક્તિ કાળ છે, માયા છે, પુરુષ છે, અક્ષર છે એવી રીતે જે ભગવાનની મોટયને સમજતો હોય તેને જગતમાં એવું શું પદાર્થ છે તે બંધન કરે ? તે કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા, સ્વાદ, સૂક્ષ્મ વસ્ત્ર, ધન, સ્ત્રી તથા જે જે પંચ વિષય સંબંધી પદાર્થ તે તેને કોઈ બંધન કરે નહિ. કેમ કે એણે તો સર્વનું પરિમાણ કરી રાખ્યું છે જે,

“ભગવાન તે આવા છે ને આવો એ ભગવાનના ભજન સ્મરણ, કથાવાર્તાને વિષે માલ છે, અને અક્ષર તે આવો છે ને એ અક્ષર સંબંધી સુખ તે આવું છે, અને બ્રહ્મલોક સંબંધી સુખ તે આવું છે, ને સ્વર્ગનું સુખ તે આવું છે. તથા રાજ્યાદિક સુખ તે આવું છે.” એવી રીતે એ સર્વના સુખનું અનુમાન કરીને અને ભગવાનના સુખને સર્વથી અધિક માનીને જે ભગવાનને વિષે જોડાણો હોય તેને એવો ક્યો પદાર્થ છે તે ભગવાનના ચરણારવિંદથી પાડે ? કોઈ ન પાડે. જેમ પારસમણી હોય તે કોઈક લોઢાને અડીને તેનું સોનું થયું હોય તે સોનું પાછું પારસમણીનું કર્યું પણ લોઢું થાય નહિ. તેમ એવું જેણે ભગવાનનું માહાત્મ્ય જાણ્યું છે તે ભગવાનનો પાડ્યો પણ તે ભગવાનના ચરણારવિંદથી પડે નહિ, તો શું બીજે પદાર્થે કરીને એ પડે ? ન પડે.

ભગવાનનું આવું યથાર્થ માહાત્મ્ય સમજતો હોય તે એ ભગવાનને ભજતા હોય “એવા જે સંત તેનું પણ એ બહુ માહાત્મ્ય સમજે જે એવા મોટા જે ભગવાન તેના સાક્ષાત્ ઉપાસક એ સંત છે માટે બહુ મોટા છે.”

અહીં ભગવાન શ્રીહરિ ઉદ્ધવજીનું ઉદાહરણ આપે છે. ગયા હતા તો ગોપીઓને જ્ઞાન દેવા પરંતુ ગોપીઓની ભગવાનને વિષે પ્રીતિ એવી અતિશે દઢ ભાળી કે પોતાને કાંઈ ડહાપણનું માન ન રહ્યું. ને ગોપીઓના ચરણની રજને

પામવાની ઈચ્છા કરી અને વૃંદાવનમાં વૃક્ષવેલીનો અવતાર માંગ્યો

(બ્રહ્માનંદ સ્વામી પણ લાડુદાન ગઢવી હતી ત્યારે શ્રીજી મહારાજના કહેવાથી લક્ષ્મી અને રાધા સ્વરૂપા એવાં લાડુબા તથા જીવુબાને શ્રૃંગાર તથા સંસાર રસ સંબંધી ઉપદેશ દેવાને અર્થે આવ્યા-ઉપદેશ સાંભળ્યા પછી બંને બાઈઓ બોલ્યા, ''હે લાડુદાન ! તમે અત્યાર સુધી ઉકરડાં ઉલેચવાની જ વાતો કરી. અનંત જન્મોથી આ સંસારને વિષે દેહ ધારીને આપણે ઉકરડાં જ ઉલેચતાં આવ્યા છીએ, હવે જ્યારે સાક્ષાત્ પરમેશ્વર મળ્યા છે ત્યારે એમનો આશ્રય કરી મોક્ષ કાં ન પામીએ'' બસ ! ૬ ફૂટનો એમનો પડછંદ રૂપાળો દેહ, દેહ ઉપર ધારણ કરેલાં લથબથ ઘરેણાં અને આભૂષણોનો તત્કાળ શ્રીહરિ સમક્ષ ઢગલો કરીને લાડુદાન બોલ્યા, ''હે મહારાજ ! મને તમારો કરી લો'')

આમ જેને પરમેશ્વરનું માહાત્મ્ય સમજાણું હોય તે તો આવા સંત કે આવા એકાંતિક હરિભક્તનો દાસાનુદાસ થઈને જ રહે. એવાં સંત પાંચ પાંચ ખાસડાં મારે તો પણ ખમે અને એમ સમજે જે મારાં મોટાં ભાગ્ય થયાં છે જે એવા સંતોનો તિરસ્કાર સહું છું નહિ તો પ્રારબ્ધવશ થઈને બાયડી છોકરાં નાં તિરસ્કાર સહેવા પડત તથા જગતમાં જ્યાં ત્યાં તિરસ્કારો સહેવા પડત પરંતુ આ સંતને સંગે રહેવાનું મળ્યું છે તે તો મારું મોટું ભાગ્ય છે.''

આવું જેને ભગવાન અને ભગવાનના સંત (એકાંતિક ભક્ત)નું માહાત્મ્ય સમજાયું હોય તેને ક્યારેય કશોય એ ભગવાન કે સંતની કોરનો અભાવ આવતો નથી.

વાર્તાને અંતે ભગવાન સુંદર ઉદાહરણ આપે છે ''જેમ મુંબઈનો ગર્વનર સાહેબ ખુરશી નાંખી ને બેઠો હોય ને તેની સભામાં કોઈ ગરીબ માણસ જાય ને તેને ખુરશી ન નાખી દે ને આદર ન કરે ત્યારે કાંઈ એને તે અંગ્રેજ ઉપર ધોખો થાય છે ? ને કાંઈ ગાળ દીધાનું મનમાં થાય છે ? લેશ માત્ર થતું નથી. શા માટે જે એણે (એ ગરીબે) અંગ્રેજની મોટાઈ જાણી છે જે **''એ તો મુલકનો પાદશાહ છે ને હું તો કંગાલ છું''** એવું જાણીને ધોખો થાય નહિ.

શ્રીહરિ પરમાત્મા તો અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ છે અને એવા ભગવાનના સાક્ષાત્ ઉપાસક સંત પણ જેમ કોઈ મુલકના રાજા હોય એવા મોટા છે. કેમ કે જેટલું રાજાનું રાજ્ય હોય તેટલું જ એની રાણીનું પણ હોય.

પરમાત્મા કે એમના સંતની મોટ્યપને જાણીને એમની આગળ દેહાભિમાન રાખીને એમના ટોકવાથી કે વિષયનું ખંડન કરવાથી એમનો અભાવ લેવો એ જ સત્સંગમાંથી પડવાનું કારણ બની રહે છે.

બસ દેહાભિમાન ટાળીને, આત્મનિષ્ઠા કેળવીને ભગવાનનું જેમ છે તેવું યથાર્થ માહાત્મ્ય જાણીને એમનો દૃઢ નિશ્ચય તથા આશ્રય રાખીને મુલકના પાદશાહની મોટાઈને અંતરમાં જીવંત રાખવાની છે.

એટલું ચોક્કસ છે કે મુલકના પાદશાહની આવી મોટાઈ જાણ્યા પછી આપણાં અંતરની કંગલિયાત જરૂર ટળે છે ! એ તો સ્વામિનારાયણ ભગવાનની અત્યંત મોટાઈ છે કે ગરીબ કંગાલિયત એવા આપણા જીવને પણ અંતરમાં સુખની શીતળ છાયા પ્રસરાવતાં રહે છે.

આઠો પહોર આનંદમાં રહેવાની આ વાત છે.

**સમસ્ત સત્સંગ જોગ**

સમસ્ત હરિભક્તોને ખાસ સૂચન છે જે, આપ કોઈપણ શિખરબધ્ધ મંદિરમાં વસ્તુ, પદાર્થ, રોકડ કે કોઈપણ સ્વરૂપે ભેટ રૂપે આપો તો તેની જે તે મંદિરની પાકી પહોંચ અવશ્ય લેવી. પહોંચ વગર ભેટ આપવી તે શ્રીજી મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન થાય અને આપણે દોષમાં પડીએ જેથી કોઈ પણ મંદિર સંસ્થામાં જે કાંઈ ભેટ આપો તેની પાકી પહોંચ લેવાનો આગ્રહ રાખવો. તેવું ખાસ સૌ હરિભક્તોને સૂચન છે. - આજ્ઞાથી

**શ્રી સ્વામિનારાયણ અંકના સભ્યો જોગ**

આપણું શ્રી સ્વામિનારાયણ માસિક દરમાસની ૧૧ તારીખે નિયમિત ચોક્કસાઈથી જાતે સોર્ટિંગ કરીને પોસ્ટ કરવામાં આવે છે. છતાં કોઈ સભ્યને અંક ન મળે તો ૨૦ તારીખ બાદ મો. નં. ૯૦૯૯૦૯૮૯૬૯ નંબર પર જાણ કરવી. સ્ટોકમાં કોપી હશે તો ફરીવાર પોસ્ટથી મોકલવામાં આવશે. વારંવાર અંક અનિયમિત મળતો હોય તો આપની સ્થાનિક પોસ્ટમાં લેખિત ફરિયાદ કરવી

ઘણાના અંક પોસ્ટમાંથી પરત આવે છે. બે વાર પરત આવે પછી અંક બંધ કરવામાં આવે છે. જેની સૌને જાણ થાય.

# શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ લંગાટા - નાઈરોબી

- પ્રફુલ ખરસાણી

હવા, પાણી અને ખોરાક માનવીની મૂળ જરૂરિયાત હોય છે. કાળ ક્રમે તે બદલાઈને રોટી, કપડા ઔર મકાન મૂળ જરૂરિયાત બની પણ આપણા સત્સંગીઓમાં એક વધારાની મૂળભૂત જરૂરિયાત ઉમેરાતી હોય છે અને તે છે મંદિર...... શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતો વિશ્વના કોઈ પણ ખૂણે રહે પણ તેને નિત્ય દેવ દર્શન માટે મંદિરતો જોઈએ જ જોઈએ.

૧૯૦૦થી ૧૯૪૦ના છપ્પનીયા દૂકાળથી પ્રભાવિત કચ્છના હરિભક્તો રોટી, કપડાનો પર્યાય શોધતા માત્ર સુખડીના ટીંમણ સાથે વહાણમાં આફ્રિકા ખંડમાં આવ્યા અને આફ્રિકામાં કેન્યામાં ૧૯૫૪માં શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર સ્થપાયું. મૂર્તિઓ ભૂજથી પ્રતિષ્ઠા કરાઈ ને લવાઈ હતી. હરિભક્તો નિયમિત મંદિર આવી સત્સંગ કરવા લાગ્યા. ટૂંક જ સમયમાં જગ્યા નાની પડતા ૧૯૫૬માં બાજુમાં બીજો પ્લોટ લઈ મંદિરને વિસ્તારવામાં આવ્યું અને પછી તો ત્યાં મજૂરી કરવા ગયેલા હરિભક્તોની દિન પ્રતિદિન આર્થિક અને સામાજીક પ્રગતિ સાથે સત્સંગની પણ પ્રગતિ થઈ. ૨૦૦૪માં મંદિરનો સુવર્ણજયંતી મહોત્સવ ઉજવાયો ત્યારે સૌને લાગ્યું કે મંદિરની જગ્યા હજી મોટી અને વિશાળ હોવી જોઈએ.

૨૦૦૮માં લંગારા ખાતે ૪.૫ એકર ભૂમિ દાનમાં મળી ને નવું મંદિર સંકુલ ઉભુ કરવાના સૌના સંકલ્પને વેગ મળ્યો અને ભૂમિદાતાઓની સંખ્યામાં પણ વધારો થયો. ૨૦૧૨માં ૧૦.૫ એકરમાં સંકુલમાં આફ્રિકા ખંડના સૌથી વિશાળ મંદિરનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. દાનનો અવિરત પ્રવાહ વહેવા લાગ્યો અને તેનાથી પ્રેરાઈ મંદિર ન ભૂતો ન ભવિષ્યતી બને તેવા પ્રયત્નો થયા. ૧૯૭૦માં પ.પૂ. મોટા મહારાજશ્રીની પ્રથમ મુલાકાતથી અવારનવાર મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી આફ્રિકા આવી સત્સંગનું પોષણ કરતા રહ્યા.



સવાબસો વર્ષ પહેલાની રામનવમીના દિવસે રાત્રે બાળ ઘનશ્યામના પ્રથમ રડવાનો અવાજ સંભળાયાની કલ્પના કેવી રોમાંચક હોય તે રડવાના કાલાઘેલા અવાજમાંજ આજના દેશ-વિદેશના ભવ્ય મંદિરોની પૂર્વ ભૂમિકા બંધાઈ હશે.

તા. ૧૦-૨-૨૦૧૩ના શુભ દિવસે ભવ્ય મંદિર બાંધવાના દ્રઢ સંકલ્પ સાથે ખાતમૂહુર્ત વિધિ કરવામાં આવી. મંદિરની ડિઝાઈન નક્કી કરવામાં આવી તેમજ મંદિર સંકુલના પટાંગણમાં જ હરિભક્તો માટે મસમોટી વસાહત પણ ઉભી કરાઈ જેથી લંગારાની એ વિશાળ જગ્યા મીની કચ્છ બની ગઈ. બે વર્ષ અગાઉથી મૂર્તિપ્રતિષ્ઠા ના ઉપલક્ષમાં સમાજલક્ષી કાર્યક્રમો યોજાયા. છેક ભારતથી ચાર હજાર ટન બંસીપહાડ પથ્થર, ૧૫૦ કન્ટેનર દ્વારા આફ્રિકા લાવવામાં આવ્યો અને ૨૦૧૩માં મંદિર નિર્માણના શ્રી ગણેશ થયા. ૬૦૦ સ્થાનિક અને ૪૦૦ ભારતીય કારીગરો-શિલ્પકારોના કસબના નિચોડ સમું મંદિર લગભગ ત્રણ વર્ષે તૈયાર થઈ ગયું અને તેમાં ભગવાનને બિરાજમાન કરવાનો ઉત્સવ એટલે કે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા.૫-૮-૨૦૧૬થી તા.૧૩-૮-૨૦૧૬ દરમિયાન ઉજવાયો.

બે, ત્રણ મહિના પહેલાથી નાના મોટા સ્ત્રી પુરૂષ સૌ હરિભક્તો પોતાના ભાગે આવેલી સેવામાં લાગી ગયા અને દેશ-વિદેશમાં આમંત્રણ પત્રિકાઓ પહોંચાડાઈ હોવાથી વિશ્વભરમાંથી સત્સંગીઓનો આફ્રિકાના કેન્યાના પરા એવા લંગાટામાં ઘસારો થવા લાગ્યો.

અમદાવાદથી શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપ

સહિત સમગ્ર ધર્મકુળ પધારી ઉત્સવની શોભા વધારી હતી. તેમજ પૂ.મોટાગાદીવાળાશ્રી અને પૂ.ગાદીવાળાશ્રીએ પણ હાજર રહી બહેનોના સત્સંગને બળ પૂરૂ પાડ્યું હતું. અમદાવાદ અને ભુજથી લગભગ ૨૦૦ સંતો પણ પધાર્યા હતા તેથી આખા વાતાવરણમાં ભગવો રંગ ભળતા આપોઆપ ધાર્મિક લાગવા લાગ્યું હતું. તા. ૭-૮-૨૦૧૬ના રોજ એ દિવ્ય ઘડી આવી પહોંચી અને નૂતન મંદિરમાં ધામધૂમથી પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થઈ.ભુજના સંતો દ્વારા સત્સંગિજીવન પારાયણમાં નિત્ય નવા વક્તાઓના લીધે કથામાં પણ વૈવિધ્ય આવ્યું હતું. કથા બાદ જુદા જુદા વિષયો પર સંતોના વ્યાખ્યાન પણ યોજાયા હતા. મંદિર અને પરિસર ખૂબ વિશાળ હોવાથી સ્વાભાવિક રીતે યજમાનો પણ ખૂબ હોય તે દરેક યજમાનોને સત્સંગની રીતી પ્રમાણે પહેરામણી કરવામાં આવતી. કથા મંદિરમાં જ પ્રતિષ્ઠિત મૂર્તિઓના સાનિધ્યમા રાખવામાં આવી હતી. ગર્ભગૃહ પણ વિશાળ સ્ટેજ સમુ હોઇ તેની ડાબી બાજુ વ્યાસપીઠ રાખવામાં આવી હતી અને જમણી તરફ પ.પૂ.મોટા મહારાજશ્રી આચાર્ય મહારાજશ્રી તથા લાલજી મહારાજશ્રી બેઠક વ્યવસ્થા કરાઈ હતી. બાજુમાં સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સનાતન સ્વામી, પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી, પાર્ષદ જાદવજી ભગત, સભા સંચાલક શા.સ્વા. અક્ષરપ્રકાશદાસજી તેમજ અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ સંતોની બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી.

આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઈકોફ્રેન્ડલી અભિગમથી પ્રેરીત મંદિરમાં પ્રકાશ વ્યવસ્થા કરાઈ છે. કુદરતી પ્રકાશનો ભરપૂર ઉપયોગ કરી બાકીની વિજળી પણ સોલાર પેનલ દ્વારા પ્રાપ્ત કરીને વપરાશમાં લેવાઈ રહી છે. ભુજના મહંત સ્વામી પૂરાણી ધર્મજીવનદાસજી તથા અન્ય સંતોની સતત પ્રેરણા અને માર્ગદર્શનથી હરિભક્તો ક્યાંય કચાશ રાખવા નહોતા માંગતા તેથી પરદેશથી આવતા હરિભક્તોને એરપોર્ટ પરથી લાવી ઉતારાની જમવાની, ઉતારેથી ઉત્સવ સ્થળે લાવવા લઈ જવાની, આશરે ૧૦૦૦૦ માણસોની રસોડાની, પાણી વગેરેની બધી વ્યવસ્થા ત્યાંના હરિભક્તો અને યુવક મંડળે ખૂબ સરસ રીતે નિભાવી હતી.

વેદોની પૂજા, કથા પારાયણ, યજ્ઞની સાથે સાથે દરરોજ કથા બાદ વૈવિધ્યપૂર્ણ વિવિધ વિષયો પર વિદ્વાન સંતોના પ્રવચન રાખવામાં આવ્યા હતાં. આખા દિવસના ભરચક કાર્યક્રમો બાદ રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ સંખ્યા નોંધપાત્ર રહેતી. શાકોત્સવમાં પણ ભક્તોએ દિવ્ય લાભ લીધો હતો અરે ! આપણા શ્રી રાજાએ પણ સ્વહસ્તે સૌ પ્રથમ વાર રોટલા બનાવ્યા હતાં. લગભગ ૫ કિ.મી. લાંબી શોભાયાત્રમાં ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતા કલાત્મક ૨૫ થી ૩૦ જેટલા ફ્લોટ, ૨૫ જેટલા વિવિધ બેન્ડ, યુવકો દ્વારા ગુજરાતની ઓળખ સમાન ગરબા વગેરે કાંઈક કેટલુંય મળી વાતાવરણને રંગબેરંગી બનાવતું હતું. સંતો અને હરિભક્તો દ્વારા સમૂહ આરતીથી વાતાવરણ દિવ્ય બન્યું હતું.

આ પ્રસંગે ત્રણેય અપર સ્વરૂપ દ્વારા આશીર્વચનમાં હરિભક્તોને દિવ્ય આનંદ આવ્યો હતો.

પ.પૂ.મોટા મહારાજશ્રીએ સૌથી પહેલા વિદેશમાં આવી શ્રીજી મહારાજના સંકલ્પને પૂરો કરનાર કચ્છના સત્સંગને અને સત્સંગને પોષણ આપવા બદલ ભુજના સંતોને બિરદાવ્યા હતા. તથા પ્રસંગોચિત દ્રષ્ટાંત આપી શ્રી નરનારાયણદેવનો દ્રઢ આશરો રાખવાની શીખ આપી હતી.

પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ જણાવ્યું હતું કે આપણે સર્વે શ્રી નરનારાયણ દેવ દેશ ગાદી તાબાના છીએ. અલગ ઓળખ ભૂલી સૌએ સાથે રહી આ દિવ્ય સત્સંગને ઉત્તરો ઉત્તર પ્રગતિના પથ પર લઈ જવાની જવાબદારી આપણી સૌની છે.

પ.પૂ.લાલજી મહારાજશ્રીએ પણ મનનીય આશીર્વચન પાઠવી યુવાનોના દિલ જીતી લીધા હતા.

આમ તો આખુંય કેન્યા શ્રી સ્વામિનારાયણના નામથી પ્રભાવિત થઈ ગયું હતું. રસ્તે આવતા જતા આપણા હરિભક્તોને પોતાના સમાજીક વ્યવહાર માટે કુખ્યાત ત્યાંના સ્થાનિક લોકો તેમની આગવી શૈલીમાં જય શ્રી સ્વામિનારાયણ કહેતા ત્યારે સમગ્ર ઉત્સવની સાર્થકતા આપોઆપ સમજાતી.

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**શહેર ચોર્યાસી મહોત્સવ પ્રસંગે, કાંકરિયા મંદિર તા. ૧૩-૩-૨૦૧૬ :** મહારાજે ફાગણ સુદ ત્રીજના દિવસે નરનારાયણદેવ પધરાવ્યા એ દિવસે ઉત્સવ પૂરો નહોતો થયો. મહારાજે વિચાર્યું કે દેવ તો પધરાવી દીધા, હવે શું ? તો વિચાર કર્યો કે હવે બધાને રાજી કરીએ લાડવા જમાડીએ. એટલે એ ઉત્સવના ભાગ રૂપે જ ફાગણ સુદ પાંચમના દિવસે મહારાજે કાંકરિયાની પાળે અહીં બિરાજીને બ્રાહ્મણોની ચોર્યાસી કરી લાડુ જમાડ્યા જેથી આ ઉત્સવ કોઈ સ્વતંત્ર ઉત્સવ નથી. પરંતુ નરનારાયણદેવની પ્રતિષ્ઠા મહોત્સવના ભાગરૂપે જ આ ઉત્સવ આપણે ઉજવીએ છીએ. બ્રાહ્મણોની ચોર્યાસી કરી એવું આપણે કહીએ છીએ પરંતુ મહારાજે શું ફક્ત બ્રાહ્મણોને જ લાડવા જમાડ્યા હતા ? ના, બ્રાહ્મણો તો થોડા હોય, વધારે તો સત્સંગી હરિભક્તો તથા જે કોઈ એ ટાઈમે આવ્યા તે તમામને મહારાજે લાડુ જમાડ્યા.

આજે આપણા આ ઉત્સવમાં પણ એ જ સ્થિતિ રહે છે ને ! કહેવાય બ્રાહ્મણોની ચોર્યાસી પરંતુ હકીકતમાં વધારે સંખ્યા તો હરિભક્તોની જ હોય છે ને ! કારણ કે આજે સમય એવો છે કે બ્રાહ્મણોને ક્યાં શોધવા જઈએ ? હાથ ઝાલીને અહીં લઈ આવીએ તો પણ મેળ પડે તેમ નથી ! મહારાજે બ્રાહ્મણોને અવાર-નવાર અનેક સ્થળોએ બ્રહ્મચોર્યાસી કરીને ખૂબ લાડુ જમાડ્યા છે. તેમાં એક સમયે સલકી ગામે મહારાજે બ્રાહ્મણો માટે લાડુ બનાવરાવ્યા. ગામના બ્રાહ્મણો કહે અમારે નથી જમવું. ઈર્ષ્યા, ઝઘડા, રિસામણા, આજે પણ આવું નથી બનતું ? પછી મહારાજ કહે, કંઈ વાંધો નહી. આપણે આજુ બાજુના સર્વે મનુષ્યોને જમાડી દઈએ. તેઓ કહે, પણ મહારાજ ! અમે બ્રાહ્મણો નથી ! મહારાજ કહે, તમે હા પાડો એટલે તમને બ્રાહ્મણો બનાવી દઈએ ! તે સર્વેએ વચન માન્યું એટલે મહારાજે તે બધાને જનોઈ પહેરાવીને લાડુ જમાડી દીધા. **એટલે નાત જાત કરતા વિશેષ તો એ છે કે મહારાજના વચનમાં, મહારાજની આજ્ઞામાં જે વર્તે એ મહારાજને ગમે ! હરિ ભગત એ જ આપણી નાત !** નાતિ જાતિ ગમે તે હોય સંતોએ આપણા માટે જ લાડુ બનાવરાવ્યા છે. માટે સૌ પ્રેમથી જમજો. પરંતુ થોડું થોડું ખાજો એટલે કાયમી ખવાય ! પાછું જેમને ડાયાબિટીસ થાય તેમને પછી સામે જોઈ રહેવાનું રહે ! અમને લાંબા અંતરની મુસાફરીમાં એક વાર ભૂખ લાગી, વનરાજ ભગતને કહ્યું, છે કંઈ ? ભગત કહે, સાટા છે. કહ્યું, કાઢો ખાઈએ. હવે સાથે એક ડાયાબિટીસવાળા હરિભગત હતા તે સામું ને સામું જોઈ રહ્યા. ભગતને કહ્યું, એમને પણ આપો. નહિ તો આપણને પચશે નહીં. (રમૂજ..... હાસ્ય.......)

આપણા અમદાવાદ (કાલુપુર) મંદિરની વાત કરીએ તો તેનું નકશીકામ જોવા માટે આજે જ્યારે કોઈ આર્કિટેકચર આવે છે ત્યારે હવેલી અને સભા મંડપ જોઈને આશ્ચર્ય એટલા માટે પામે છે કે તમે જુઓ કે હવેલીની ઉપર જ્યાં રૂમો છે જ્યાં આજે આપણે ખાસ જતા નથી, તે રૂમોના બાર સાખ તેની પરના જે ટોડલા તેના પર પોપટ, મોર આદિકની નકશી કરેલી છે. **સભા મંડપના આગળના થાંભલાઓ પરના નકશીકામમાં કેટલો ઈતિહાસ કંડારાયેલો છે !** ફક્ત મંદિર કે આધ્યાત્મિક નહી પરંતુ રાષ્ટ્રીય ઈતિહાસ પણ તેમાં કંડારાયેલો છે ! દરેક જગ્યાએ વેન્ટીલેશન, હવા ઉજાસનો કેટલો વિચાર કરવામાં આવ્યો છે ! અને **એ વખતે જ્યારે સાધનો તથા ટેકનોલોજીની એટલી સગવડતા નહોતી, ગાડામાં મોટા મોટા પથ્થર આવતા. રાધાકૃષ્ણ દેવની સામેના પ્રસાદીના પથ્થરનો ઈતિહાસ સૌ જાણે છે. એવા સમયે આનંદાનંદ સ્વામીએ આ મંદિર ફક્ત ૧ વર્ષમાં પુરુ કર્યું અને કેટલું ઝીણવટ ભર્યું કામ, આજે આપણે આવું જ મંદિર બનાવવું હોય તો ૧૦ વર્ષ લાગે ! એટલું જ નહી પરંતુ મહારાજે એ સમયે ફક્ત સાત વર્ષના સમયગાળામાં નવ-નવ મહામંદિરોનું નિર્માણ**

**કરાવી તેમાં સ્વહસ્તે પોતાના સ્વરૂપો પધરાવ્યા.** આજે આપણે મંદિરો બનાવીએ છીએ, કોઈ જગ્યાએ ટ્યુબ લાઈટ નાંખવાની રહી ગઈ હોય તો ૨૦ વર્ષ પછી જોઈએ તો ત્યાં એ કામ બાકી જ રહી ગયું હોય ! કહેવાનો હેતુ એ છે કે નંદ સંતોને મંદિર પ્રત્યે, મહારાજ પ્રત્યે, સત્સંગ પ્રત્યે કેટલું પોતાપણું હતું ! મંદિરનો કોઈપણ ભાગ હોય, એવું નથી વિચાર્યું કે અહીં કોણ જોવાનું છે ?

મહારાજે પ્રથમ અમદાવાદ મંદિરનું નિર્માણ શરૂ કરાવ્યું. ત્યાર પછી એક એક ગામથી એક એક મોટા ભક્ત આવ્યા. દા.ત. મૂળીપુરથી રાજા રામાભાઈ આવ્યા, ભુજનગરથી ગંગારામભાઈ વગેરે વગેરે ભક્તોએ આવીને મહારાજને પ્રાર્થના કરી, હે મહારાજ ! અમારા ગામમાં પણ સુંદર મંદિરનું નિર્માણ કરાવો, મહારાજે બધાને હા કહી, નંદ સંતોને મોકલ્યા. આજે અમારી પાસે કોઈ ગામથી એક ભક્ત આવીને કહે, અમારા ગામમાં મંદિર બનાવવું છે તો અમે તેને હા પાડતા પહેલા ઘણો વિચાર કરીએ. નવ મહામંદિરો થયા તેમાં આ અમદાવાદ મંદિરની **વિશેષતા એ છે કે આ મંદિર બનાવવા કોઈ ભક્તએ પ્રાર્થના નથી કરી. આ મંદિરના નિર્માણ માટે સ્વયં મહારાજે વિચાર કર્યો છે અને તે વિચારથી પ્રેરાઈને અંગ્રેજોએ મંદિર માટે જમીન આપી છે.** મહારાજે મંદિરો બનાવ્યા ત્યાર પછી આજે આપણા હજારો મંદિરો બન્યા છે. **મહારાજના શબ્દો "અમારામાં અને આ નરનારાયણદેવમાં રતિમાત્ર ફેર નથી." અમે વારંવાર શ્રીમુખના આ વચનો સભામાં સંભારીએ છીએ.**

અમે આ મંદિર (કાંકરિયા)માં ખૂબ નાના હતા ત્યારે આવતા, વગડા જેવું હતું. પરંતુ હનુમાનજીએ તથા સંતોએ આ ભૂમિની રક્ષા કરી. હનુમાનજીની ભક્તિ અને સેવા નિષ્કામ છે. હનુમાનજી પાસેથી આપણે નિષ્કામ ભક્તિ શીખવાની છે. સત્સંગમાં નવા હોઈએ ત્યારે ઠીક છે, મહારાજ પાસે કે હનુમાનજી પાસે માંગીએ અને મહારાજ આપણને દ્રઢતા કરાવવા આપે પણ ખરા. બાળક નાનો હોય ત્યારે પિતાની આંગળી ઝાલવી પડે, વસ્તુ માંગે એટલે પિતા તેને લઈ આપે પરંતુ પછી એ જ બાળક જ્યારે યુવાન બની જાય ત્યારે પોતાના પિતા પાસે માંગ માંગ કરે તો કેવો લાગે ! એમ આપણે સત્સંગમાં જૂના થઈ ગયા પછી નિષ્કામ ભક્તિ દ્રઢ કરીને સત્સંગની સેવા કરીએ તો જ સારા લાગીએ. **(તા. ૧૨-૩-૧૬ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીએ હનુમાનજી**ની વાત કરતા કહ્યું હતું કે અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ અમદાવાદમાં જ્યાં જ્યાં હનુમાનજી પધરાવ્યા ત્યાં ત્યાં હનુમાનજી ભગવાનને લઈ આવ્યા. કારણ કે હનુમાનજીને ભગવાન વિના ચાલે નહિ. નારણપુરા, નારાયણઘાટ તથા અહીં કાંકરિયા (આપણા મોટા મંદિરો થયા અસારવા આપણું ગુરુકુળ છે) વગેરે

આજે કાંકરિયાનો વિસ્તાર ખૂબ સધ્ધર થયો છે તેથી સત્સંગને પણ ખૂબ ઉર્ધ્વગામી બનાવવાનો છે. કારણ કે **આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના નામથી બીજા પણ જો ચરી ખાતા હોય તો આપણને તો એ ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે. કારણ કે આપણા મંદિરોમાં ભગવાનની મૂર્તિઓ એ કંઈ ધાતુ પાષાણની મૂર્તિઓ નથી પરંતુ પ્રત્યક્ષ છે.** બેંક બેલેન્સથી સમૃધ્ધિ નથી પરંતુ જેની પાસે ભગવાન છે એ જ સમૃધ્ધ છે.

**એપ્રોચ (બાપુનગર) મંદિરના ૧૧ માં પાટોત્સવ પ્રસંગે, તા. ૧૬-૩-૨૦૧૬ :** પ.પૂ. મહારાજશ્રી આશીર્વચન શરૂ કરી રહ્યા હતા તે સમયે બહેનોના વિભાગમાંથી પ્રત્યક્ષ જગ્યાનો કદાચ અભાવ હોવાના હિસાબે સ્ત્રી સહજ થોડો કોલાહલ થતો હતો અને પુરુષ હરિભક્તો હાથના ઈશારાથી શાંતિ રાખવા વિનવતા હતા તેના ઉપરથી પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વચન શરૂ કર્યું કે, ભલે કરે, કરવા દો ! ઘોંઘાટ બે પ્રકારના હોય છે. એક બહારનો અને બીજો અંદરનો **અંદરનો ઘોંઘાટ જેટલો નડે છે એટલો બહારનો ઘોંઘાટ બહુ નડતો નથી.** કોઈપણ બાબતની મૂળમાં જઈએ તો ખ્યાલ આવે કે આવું શા માટે થાય છે ? આપણે ઉંડો વિચાર કરવાને બદલે કોઈ પણ બાબતનું સીધું **Statement** (અભિપ્રાય) આપી દઈએ છીએ. આપણે આપણી જાતને સામેની સાઈડમાં ગોઠવીને વિચારીએ તો ખ્યાલ આવે કે એ જગ્યાએ આપણે હોત તો આપણે પણ કદાચ એમ જ કરત અંદરનો ઘોંઘાટ શાંત કરવા માટે આ કથાઓ કરવી પડે છે. સ્વભાવ પ્રકૃતિના જે દોષ છે તે કથા સાંભળ્યા

વિના ટળતા નથી. વચનામૃત, ભાષ્ય, જીવન, ભૂષણ, ભાગવત અથવા તો મહારાજે માન્ય કરેલા જે કોઈ ગ્રંથોની કથા થતી હોય તે આપણા માટે અરીસારૂપ છે. એ અરીસો આપણે આપણી સામે ધરીએ તો આપણને આપણા દોષ દેખાય, પરંતુ આપણે કરીએ છીએ એવું કે કથા સાંભળતા સાંભળતા પણ અરીસો બાજુવાળા અથવા બીજાની સામે ધરી દઈએ છીએ. ભગવાનની સામે માળા ફેરવતા હોઈએ અને બાજુમાં કોઈ ન ગમતો હરિભગત આવી ને બેસી જાય તો આપણે શું કરીએ છીએ ? મહારાજની સામે જોવાને બદલે તેની સામે વારંવાર જોયા કરીએ છીએ. કાં તો ચાલું માળા ઝડપથી ફેરવીને ત્યાંથી ઉઠીને દૂર જતા રહીએ છીએ.

એક ભગત હતા. આંખે દેખાય ઓછું. હાલમાં આપણે જેમ ગાડીઓ પાર્ક કરીએ છીએ તેમ મહારાજના સમયે બળદ ગાડાના જે ગાડા હોય તેને પણ વ્યવસ્થિત પાર્ક કરતા. ભગત રાત્રે ઉઠ્યા. ગાડા સાથે ઢીંચણ ભટકાયા. આપણા ઢીંચણ ક્યાંક ભટકાય ત્યારે કેવી પીડા થાય તે ઘણા જાણતા હશે. ભગત કદાચ કાઠી દરબાર હશે એટલે પ્રકૃતિ એવી કે ગાડાને બચકું ભરી લીધું. પહેલાં દાંત પણ બહુ મજબૂત હતા. બચકુ તો ભરાઈ ગયું પરંતુ પછી વિચાર આવ્યો કે આમાં ગાડાનો ક્યાં દોષ હતો, દોષ તો મારો હતો. પોતાના ક્રોધી સ્વભાવનો ક્રોધ રૂપી દોષ દેખાયો, પસ્તાવો થયો એટલે સભામાં મહારાજ આગળ પોતાના દોષની વાત કરી, મહારાજ કહે, માળા ફેરવો. ભક્ત એવા શુરવીર કે આવી સભા હતી છતાં મહારાજને કહે, મહારાજ ! માળા તો નહી ફરે ! ટેવ નથી. એ જગ્યાએ આપણે હોઈએ તો શું કરીએ ? માળા ફેરવવાની આપણે સભામાં ના ન પાડીએ, ન ફેરવવી હોય તો ખૂણામાં એક બાજુ બેસીને ગૌમુખીમાં હાથ રાખીને ખોટું ખોટું હલાવીએ, અંદર કોને ખબર કોણ શું કરે છે ! પરંતુ ભગતે એમ ન કર્યું, બહુ પાર દર્શક, **Transparant** હતા. નિખાલસ પણે કહી દીધું, મહારાજ ! માળા તો નહી ફરે. મહારાજ કહે તો પછી શરીરથી સેવા કરો. મંદિર, દાદા ખાચરનો દરબાર ગઢ, સંતોની ધર્મશાળા વાળો. મહારાજ એ થશે ! ભગતે ૪-૬ મહિના સેવા કરી. સ્વભાવ પ્રકૃતિએ વળાંક લીધો. આખો દિવસ માળા ફેરવતા થઈ ગયા, કોઈ ઉઠાડે ત્યારે ત્યાંથી ઉઠે.

આ પ્રસંગમાં બન્યું શું ? તો સૌ પ્રથમ પોતાનો દોષ જોયો, બીજા ક્રમે તેને સ્વીકાર્યો, મહારાજ સમક્ષ નિષ્કપટ ભાવે વાત કરી ત્યાર પછી ત્રીજા ક્રમે મહારાજની આજ્ઞા-વચન માનીને સેવા કરી તો દોષ સદાયને માટે ચાલ્યો ગયો. દોષ ખુલ્લો કરીએ તો દવા થાય ! ડૉકટર પાસે જઈએ ત્યારે પણ રોગના લક્ષણો તો કહેવા જ પડે, પછી નિદાન કરીને ડોકટર યોગ્ય દવા આપે. ૧૦-૧૨ પ્રકારની દવા આપી દે અને કહે કે આ બધી લઈ લેજો, એકાદ લાગુ પડી જાય, આવું થાય તો દર્દી મરી જાય ! સામાન્ય માથું દુખતું હોય અને મેટાસીન જાતે લઈ લઈએ એ વાત જુદી છે, જો કે માથું પણ લગભગ ત્યારે જ દુઃખે જ્યારે આપણે બહુ માથા ઉપર લઈને ફરીએ !

હમણા સ્વામીએ વાત કરી કે અહીં કાઠિયાવાડ, ઝાલાવાડ તથા ગુજરાત એમ ત્રિવિધ પ્રાંતના ભક્તો સૌ સંપીને સેવા ભક્તિ કરે છે. તો મહારાજના ધામમાં પણ આપણે સહુએ સાથે જ બેસવાનું છે. ત્યાં કંઈ કોઈ એમ નથી કહેવાનું કે, કાઠિયાવાડના ભક્તો આ બાજુ બેસજો, ગુજરાતના પેલી બાજુ બેસજો. ત્યાં કોઈ ભેદ છે જ નહિ. ત્યાં તો પાંચ માળા ફેરવી હોય કે પચાસ ફેરવી હોય, પચાસ રૂપિયા આપ્યા હોય કે લાખ રૂપિયા આપ્યા હોય, જો તે ભાવ શ્રધ્ધા અને પ્રેમથી કર્યું હશે તો સૌએ ત્યાં સાથે જ બેસવાનું છે. પહેલાના સમયમાં દાતાઓને નામની તકિતનો બહુ શોખ હતો. હમણાં સુધી અમે મંદિરમાં આવી તકિતઓ જોતા, લખ્યું હોય કે સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધી.... કેટલાક તો પંખાના પાંખિયા ઉપર પણ નામ લખાવતા, તમે નહિ માનો પણ અમે જોયેલું છે. પંખો ફરે ત્યારે તો દેખાય નહિ. સ્થિર હોય ત્યારે દેખાય. હવે તો ઓછું થઈ ગયું છે. હજુ ક્યારેય ક્યારેક સભામાં જઈએ અને હારના બહુ મોટા ઢગલા જોઈએ ત્યારે એમ થાય કે હવે સભા પુરી ! વાત એ હતી કે મહારાજના ધામમાં કોઈ ભેદ છે જ નહિ. નાતિ-જાતિનો ભેદ પણ મહારાજે ક્યાંય રાખ્યો નથી. મહારાજનું એક જ **દિવ્ય અક્ષરધામ છે. તેનાથી આપણે કંઈ જુદું અક્ષરધામ નથી કરવાનું !** કે તેને કંઈ નાનું-મોટું નથી કરવાનું. મહારાજના વચન બહાર આપણે કંઈ નવીન કરવા જઈએ એટલે તેમાં

આપણે આપણી બુદ્ધિની ફૂટપટ્ટીથી માપ લઈએ છીએ અને પછી ક્યાંય ખોવાઈ જઈએ છીએ. મહારાજને રાજી કરવા માટે તો પોતાને મનગમતું સર્વે મેલી દેવું પડે છે. જે ઘણું કઠણ છે. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે ને કે,

**હરિ હરખી સુખ આપે, જો વર્તીએ વચનમાંય,**
**મેલી ગમતું મન તણું, રહીએ શ્યામ ગમતે સદાય.**

ભગવાન કાયમ રહેવાના છે. બીજી કોઈનું અસ્તિત્વ ક્યાંય પણ રહેવાનું નથી. હકીકતમાં આ આખી પૃથ્વી એક સ્મશાન ભૂમિ છે. એવી કોઈ જગ્યા નથી કે જ્યાં કોઈએ દેહ છોડ્યો ન હોય ! અમારી આચાર્ય પરંપરામાં બાપજી ઘણીવાર અમને અમારા દાદા પૂ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ઘણીવાર વાત કરે અને આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની સામર્થીની વાતો તો આપણે સૌ જાણીએ છીએ. તો શીખવાનું એટલું જ કે શ્રીજી મહારાજની સામર્થી કેટલી હશે ! મહારાજે સ્થાપેલી આ આચાર્ય પરંપરાના ફોટા પણ જો મંદિરના સભા મંડપની દિવાલ સિવાય અન્યત્ર ક્યાંય જોવા ન મળતા હોય તો શીખવાનું એ છે કે ફોટામાં પડ્યા સિવાય કોઈના દિલમાં આપણું સ્થાન થાય તેવું જીવન જીવવું. અને સૌથી મહત્વનું એ છે કે આ ભગવાન મારા છે. આ મંદિરો આપણા છે તેવી જ્યારે પોતાપણાની ભાવના આવશે ત્યારે સેવા ભક્તિ આપો-આપ થશે. અને તમને એ ભાવના છે તેથી તો તમે આ મંદિરમાં સેવા કરી છે એ દેખાય છે. નહીં તો મહેમાન બનવું તો બહુ સહેલું છે પરંતુ ઘરધણી બનવું એ બહુ કઠણ છે. સંતોએ સુંદર સગવડતા-મોકળાશ કરી આપી છે અને આ દરવાજો તો અમને કાયમને માટે યાદ રહેશે. આ હાઈવે ઉપરથી જ્યારે જ્યારે પસાર થઈશું ત્યારે ત્યારે આ દરવાજાને યાદ કરીશું. બધા યજમાન આવ્યા પરંતુ ફટાકડાના યજમાન કોણ હતા ? અહી આવે અમે તેમને સ્પેશીયલ હાર પહેરાવીશું. ફટાકડાના ધુમાડાથી અમને બે-ત્રણ દિવસ સુધી શરદી રહે છે. એલર્જી છે અને તબિયત નાદુરસ્તી થાય તો પણ સત્સંગના કાર્યક્રમો તો અટકવાના નથી, અમારે આવવું જ પડે. (પ.પૂ. મહારાજશ્રીએ જ્યારે દરવાજાનું ઉદ્‌ઘાટન કરીને મંદિરમાં પ્રવેશ કર્યો ત્યારે તેઓશ્રીની બિલકુલ નજીક ફટાકડાની આતશબાજી કરવામાં આવી હતી. પૂ. મહારાજશ્રી મુખ પર રૂમાલ રાખીને આગળ ચાલ્યા હતા. તેથી આશીર્વચનમાં અતિ ઉદાર દિલના પ.પૂ. મહારાજશ્રી કુરાજી થયા સિવાય માર્મિક રીતે આ વચનો ઉચ્ચાર્યા હતા. પરંતુ (આ વાત પરથી આજથી આખો સત્સંગ સમાજ એ બોધપાઠ લે અને પ્રતિજ્ઞા કરે કે અમે હવે પછી ક્યારેય આનંદ ઉત્સાહના અતિરેકમાં આવી ને પ.પૂ. મહારાજશ્રીના સ્વાસ્થ્યની મર્યાદા સાચવીને કોઈ પણ પ્રસંગે ફટાકડાની આતશબાજી નહી કરીએ. કારણ કે નિષ્કુળાનંદ સ્વામીના શબ્દો છે કે,

ઉપાય એવો કરવો નહિ, જેણે કરી ખિજે જગદીશ,
રાજી કર્યાનું રહ્યું પરૂં, પણ હરિને ન કરાવો રીશ.
શ્રીહરિના વચન મુજબ, ધર્મવંશી આચાર્યશ્રી એ
શ્રીહરિનું,
જ અપર સ્વરૂપ છે, માટે દરેક જગ્યાએ બહુ વિવેક
રાખવો.)

આજે જ અમારે વિદેશ જવાનું છે તો પણ તમને જેમ અમને મળવાની અભિલાષા હોય તેમ અમને પણ તમને મળવાનો ભાવ હોય તેથી યોગ હતો તો ભેગા થઈ ગયા નહીં તો અમને પણ મનમાં એમ રહે કે તમે આટલો મોટો પ્રસંગ કર્યો અને અમે હાજર ન રહી શક્યા.


પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા પ્રસ્તુત

**નિત્ય કથા-વાર્તા**

દરરોજ ઘેર બેઠા સંતો દ્વારા કથા-વાર્તાનો લાભ

॥कथा॥ GTPL ચેનલ નં. 555

સમય :
બપોરે ૨-૦૦ થી ૨-૩૦
સાંજે ૭-૦૦ થી ૭-૩૦

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

- પ્રફુલ ખરસાણી




આપણે શબરીની આંખો, નરસિંહ મહેતાની કરતાલ કે મીરાનો એકતારો ઉછીનો લઈ પ્રભુની પ્રતિક્ષા કરવા નીકળીશું તો વાત વિશ્વાસ પર આવી અટકશે. પણ એ જ વિશ્વાસ સાથે મ્યુઝિયમમાં આવીશું તો નિર્જીવ લાગતી શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓના દર્શન માત્રથી શ્રીજી મહારાજનું સાંનિધ્ય સાપડવા જેવી શાંતિ અંતરમાં થઈ આવે છે.

તાજેતરમાં કેન્યામાં નૂતન મંદિર ઉદ્‌ઘાટન પ્રસંગે પ.પૂ.મોટા મહારાજશ્રીએ આશીર્વચનમાં એક દ્રષ્ટાંત ટાંકતા કહ્યું હતું કે ''એક વાર વિષ્ણુ ભગવાન જગતના જીવમાત્રને દાન આપવા બેઠા. દાન આપતા આપતા એક વસ્તુ નીચે પડી ગઈ. વિષ્ણુ ભગવાને તે વસ્તુ પોતાના ચરણ હેઠળ દબાવી દીધી. પ્રસંગ પત્યા બાદ લક્ષ્મીજીએ પ્રભુને કહ્યું હે પ્રભુ આપની ઉદારતાના તો દર્શન થયા પરંતુ આજે આપની કપટતાના પણ દર્શન થયા. આપના ચરણ હેઠળ એ કઈ વસ્તુ દબાવી રાખી છે ? ત્યારે પ્રભુએ ઉત્તર વાળ્યો કે તે મનની શાંતિ છે. એ જેને જોઈતી હોય તેને અહીં મારા ચરણ-મારા શરણમાં આવવું પડે.'' આવી જ મનની સાચી શાંતિ અહીં મ્યુઝિયમમાં કોઈ પણ જાતની ''શરતો લાગૂ'' (કન્ડીશન એપ્લાય) વગર મળે છે.

હાલમાં આઠ નંબરના હોલમાં રાખવામાં આવેલ આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના પ્રસાદીના સિંહાસનના પ્રિઝર્વેશનનું કાર્ય કરવામાં આવ્યું. વળી આખા મ્યુઝિયમમાં માત્ર ભોજનકક્ષ વાતાનુકુલિત (એ.સી.) નહોતું તે પણ પ.પૂ.મોટા મહારાજશ્રીના સંકલ્પના બળે કરી વાતાનુકુલિત કરવામાં આવી રહ્યું છે.

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct<સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ઓગસ્ટ - ૨૦૧૬

| | |
|---|---|
| રૂા. ૬૬,૯૦૦/- | પ્રવિણભાઈ પટેલ પરિવાર - શિકાગો |
| રૂા. ૬૬,૯૦૦/- | અશ્વિન પી. પટેલ, જયેન્દ્ર એ. પટેલ, પંકજ જી. ચોકસી, મહેન્દ્ર પટેલ, મનીષ એન. પટેલ (શિકાગો મંદિર, લેકેલેન્ડ મંદિર, એટલાન્ટા મંદિર તથા બાયરન મંદિર) |
| રૂા. ૩૦,૧૫૦/- | રાજુભાઈ પટેલ (રાજુમામા) ડેટ્રોઈટ |
| રૂા. ૨૫,૦૦૦/- | ડૉ. ડી.જે. ભાવસાર - મહેસાણા - હ. ચંપાબેન ડી. ભાવસાર |
| રૂા. ૧૬,૮૦૦/- | ગૌરાંગ પટેલ પરિવાર - શિકાગો |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.ભ. ખોડાભાઈ કોહ્યાભાઈ પટેલ પૂ. ધર્મકુળના રાજીપા અર્થે માધવગઢ (પ્રાંતિજ) |
| રૂા. ૧૧,૦૦૦/- | દશરથભાઈ પૂનમભાઈ પટેલ - અસલાલી |
| રૂા. ૧૦,૧૦૦/- | બી.કે. ચૌધરી - શિકાગો |
| રૂા. ૬,૮૦૦/- | જશુભાઈ એ. ચૌધરી - શિકાગો |
| રૂા. ૬,૭૦૦/- | એ. જે. ચૌધરી - શિકાગો |
| રૂા. ૬,૭૦૦/- | સમીર ચૌધરી - શિકાગો |
| રૂા. ૫,૦૦૧/- | વિણાબેન ઘનશ્યામભાઈ મોદી શ્રીજી પ્રસન્નાર્થે - ચાણસ્મા - હ. કેતુલ તથા રીયા |
| રૂા. ૫,૦૦૧/- | એક હરિભક્ત - ન્યુ રાણીપ |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. પ્રફુલભાઈ પુરુષોત્તમદાસ ભાવસાર - ન્યુ મણીનગર |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. શાંતાબા મોહનલાલ જોષી તથા અ.નિ. કનૈયાલાલ મોહનલાલ વ્યાસની સ્મૃતિમાં - અમદાવાદ - હ. વસુમતીબેન તથા નરેશ વ્યાસ |
| રૂા. ૫,૦૦૦/- | ઘનશ્યામભાઈ નાગજીભાઈ સુહાગીયા - ખોખરા |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ઓગસ્ટ - ૨૦૧૬

| | |
|---|---|
| તા. ૦૬-૦૮-૨૦૧૬ | પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી હ. સંદીપભાઈ શેઠ |
| તા. ૦૭-૦૮-૨૦૧૬ | (સવારે) શ્રી પ્રવિણભાઈ મંગળદાસ પટેલ, નવરંગપુરા - હ. આયરા કેયુરભાઈ પટેલ |
| | (બપોરે) શ્રાવણ માસ નિમિત્તે સમૂહ મહાપૂજા આયોજીત સ્વામિનારાયણ મ્યુઝિયમ, નારણપુરા |
| | (સાંજે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ સત્સંગ સમાજ - હ. નયનાબેન સુમનભાઈ પટેલ - સાબરમતી |
| તા. ૦૮-૦૮-૨૦૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરન્ટો કેનેડા ૮ મા પાટોત્સવ નિમિત્તે - હ. શશીકાન્તભાઈ |
| તા. ૧૪-૦૮-૨૦૧૬ | શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - કાંકરિયા (રામબાગ) હ. મહંત સ્વામી |
| તા. ૨૧-૦૮-૨૦૧૬ | ભીખાભાઈ, રમેશભાઈ, બળદેવભાઈ આઈ.એસ.એસ.ઓ. સ્વામિ. મંદિર એલનટાઉન (ડાંગરવાવાળા) |
| | (બપોરે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - ગાંધીનગર - હ. મહંત સ્વામી |
| તા. ૨૫-૦૮-૨૦૧૬ | પટેલ રમેશચંદ્ર મગનલાલ - હળવદ |
| તા. ૨૮-૦૮-૨૦૧૬ | (સવારે) નિપાબેન નિલેષભાઈ પટેલ - અમેરિકા |
| | (બપોરે) વિમલકુમાર ચંદુભાઈ પટેલ - અમેરિકા - હ. અનિતાબેન |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# શ્રીનરનારાયણદેવ બાળ મંડળ

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

નામ : અમદાવાદ શ્રી નરનારાયણદેવ તાબાનું શ્રી નરનારાયણદેવ બાળ મંડળ, ...................... (ગામ/વિસ્તાર)

- બાળમંડળના અધ્યક્ષ પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છે.
- બહેનો અને ભાઈઓ બન્ને માટે આ મંડળ છે (બહેનોની વ્યવસ્થા બહેનો એજ કરવી)
- બાળમંડળની વય મર્યાદા૭-૮ વર્ષથી ૧૫-૧૬ વર્ષની રહેશે.
- બાળમંડળની સભા દર રવિવારે સવારે અથવા સાંજે ૧ કલાક માટે રાખવી. (વર્ષમાં પરીક્ષા અને વેકેશનના સમયને ધ્યાનમાં રાખી ઓછામાં ઓછા ૩૨ રવિવાર ફરજીયાત સભા કરવી)
- બાળ સબાનો કાર્યક્મર આ પ્રમાણે રાખવો.
  - — હાજરી પત્રકમાં હાજરી પૂરવી
  - — ૫ મિનિટ ધુન - પ્રાર્થના કરવી
  - — ૪૦ મિનિટ શિક્ષણ (બાળ મંડળની બુક પ્રમાણે દર વિકે)
  - — ૧૫ મિનિટ આરતી - થાળ - પ્રસાદ
- રવિવાર સિવાય પણ દરરોજ બાળકો મંદિરે દર્શન કરવા આવે તથા આરતી-ધૂન-કીર્તન કરે એવો આગ્રહ પ્રેરણા કરવી
- દરેક સભામાં પ્રસાદની વ્યવસ્થા ફરજીયાત રાખવી.
- પ્રસંગો પ્રમાણે સ્પર્ધાઓ યોજી ઈનામો આપવા.

બાળ મંડળનો અભ્યાસક્રમ કુલ ૮ વર્ષનો રહેશે.

| | પ્રથમ સત્ર | બીજું સત્ર | વર્ષ |
|---|---|---|---|
| બાળ સત્સંગ | પર્ણ - ૧ | પર્ણ - ૨ | ૧ |
| | પર્ણ - ૩ | પર્ણ - ૪ | ૨ |
| કિશોર સત્સંગ | પર્ણ - ૧ | પર્ણ - ૨ | ૩ |
| | પર્ણ - ૩ | પર્ણ - ૪ | ૪ |
| સત્સંગ પરિચય | પર્ણ - ૧ | પર્ણ - ૨ | ૫ |
| | પર્ણ - ૩ | પર્ણ - ૪ | ૬ |
| સત્સંગ પ્રવિણ | પર્ણ - ૧ | પર્ણ - ૨ | ૭ |
| | પર્ણ - ૩ | પર્ણ - ૪ | ૮ |

- — જુલાઈના ત્રીજા રવિવારથી પ્રથમ સત્રનો આરંભ કરવો.
- — ડિસેમ્બરના ત્રીજા રવિવારે પ્રથમ સત્રની પીરક્ષા લેવી.
- — જાન્યુઆરીના પ્રથણ રવિવારથી બીજા સત્રનો પ્રારંભ કરવો.
- — જુલાઈના પ્રથમ રવિવારે વાર્ષિક પરીક્ષા લેવી

(બાળ મંડળમાં જોડાનાર નવા બાળકનો અભ્યાસ બાળ સત્સંગી જ આરંભ કરવાનો રહેશે.)

- દરેક સત્રમાં બુકમાં બતાવેલ પ્રવૃતિ અવશ્ય કરાવવી.
- પોતાના વિસ્તારમાં વિચરણ કરતા સંતોને પણ બાળ સભામાં આશીર્વાદ આફવા બોલાવવા પ્રયત્ન કરવો.
- આપણી આજુબાજુના ગામમાં પૂ. મહારાજશ્રી / પૂ. લાલજી મહારાજશ્રી કે પૂ. ગાદીવાળાશ્રી પધારે ત્યારે બાળ મંડળના સભ્યોને લઈને દર્શન કરવા જવું.
- બાળકોને કીર્તન-ભક્તિ તથા નાચ-ગાન માટે વિશેષ પ્રોત્સાહિત કરીને મંદિરના રોજીંદા આરતી-કીર્તન-સેવામાં જોડવા.
- બાળ મંડળનો રિપોર્ટ ફોટોગ્રાફર સહિત દર મહિને મોકલવો જેથી શ્રી સ્વામિનારાયણ મેગેઝીનમાં પ્રકાશિત થાય.
- બાળ મંડલને લઈ વર્ષમાં બે વાર કાલુપુર મંદિર દર્શને અવશ્ય આવવું ને પ્રસાદીના સ્થળોની ઓળખ કરાવવી.

# ભવ્ય હિંડોળા દર્શન તથા હિમાલય દર્શન





ઝુલો નવલ પ્રીતમ હરિ










સામાજિક દૂષણોની નિવૃત્તિ
પર્યાવરણની જાળવણી




















## અન્ય મંદિરોમાં હિંડોળા દર્શન



વિહોકન - અમેરિકા



મહેસાણા



મથુરા



મોટેરા



કલોલ-શ્રીનગર

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## મોક્ષનું મૂળ કથા છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ખરા મિત્ર કોણ ? તાળીયો પાડીને તમાકું ચોળે એ નહી પણ સાચો મિત્ર કોણ ? જે હરિનો મારગ બતાવે તે. સાચામાં સાચું, સારામાં સારૂં દિવ્ય અમૃત છે કથા. ભગવાનનાં ચરિત્રોનું જે શ્રવણ કરાવે જીવને તે સાચા મિત્ર. અજ્ઞાની જીવને ખબર જ નથી આ કથામાં, ચરિત્રમાં સ્વાદ શું છે, એને જે સ્વાદ ચખાડે છે કે ભાઈ થોડીવાર તો કથામાં બેસ. અજ્ઞાની જીવોને ખ્યાલ ન હોય કથામાં શું આનંદ છે. એકવાર આવો પછી ખબર પડે.

એક ગામમાં પાંચ સંતો ગયા. સત્સંગી ભક્ત બહુ થોડા. બે જ હરિભક્તો હતા. સંતોને કહે છે - ''અહીં રોકાવ અને કાલે અમારી ભિક્ષા સ્વીકારીને જજો.'' સંતોએ તથાસ્તુ કહ્યું. આ ભક્તને વિચાર થયો કે સંતોને ભગવાનના થાળમાં શું આપવું ? બાજુમાં ચાર ભેંસોનો માલિક રહેતો હતો, તે દેસાઈ હતો. એની પાસે જઈને કહે છે - અમારે દૂધ જોઈશે. કેમ આટલું બધું દૂધ લઈ જાવ છો? અમારા સંતો આવ્યા છે. એટલે મહાત્માઓને દૂધ જોઈએ છે તો હું પૈસા નહી લઉં. એમને એમ લઈ જાવ. એ ધર્મભાવના વાળો હતો. સંતો પાસે દૂધ આવ્યું. સંતોએ ગરમ કરી મેળવી નાંખ્યું. દહીં બનાવ્યું અને બીજે દિવસે સવારે એ દહીંને ઝોળીમાં લટકાવ્યું, શિખંડ બનાવવા માટે. પેલા દેસાઈને થયું. સાધુ-મહાત્મા આવ્યાં છે આજે મેં દૂધ આપ્યું છે એટલે જાઉં તો ખરો. થોડો સત્સંગ થશે, સાધુની વાણી સાંભળવા મળશે.

સંતો મંદિર નહોતું એટલે ઘેર ઉતરેલા. ખૂણામાં ઝોળી લટકતી જોઈ એટલે કહે છે, આ શું છે ? તમારૂં આપેલું દૂધ, અરેરે મારું દૂધ બગાડ્યું ! આ શું કરો છો ? જોયા કરો. એક સંત કથા વાંચતા હતા અને બીજા સંતે ઝોળી ઉતારીને અંદર ખાંડ નાખી ધુંટી નાખ્યું અને શિખંડ તૈયાર થયો. આ દેસાઈનું મગજ બગડી ગયું. અરર.... સાધું એટલે સાધુ. ભલું થયું સાધુ થયા. ઘેર હોત તો ઘર બગાડત. આ સાધુ થયા તે મારૂં દૂધ બગાડ્યું. આ કેવું સારૂં ચોખ્ખું દૂધ આપ્યું, આખું દૂધ બગાડ્યું. આમણે તો ઘૂંટા કરી દૂધના લોંદેલોંદા કરી નાંખ્યા. ન તો દૂધ રહેવા દીધું કે ના તો ઘી બનાવ્યું ત્યાં તો થોડી વારમાં ભગવાનનો થાળ ધરાયો. ''જમો થાળ જીવન જાઉં વારી....'' અને ભક્તોએ કહ્યું... સ્વામીજી! આ દેસાઈ અમારી બાજુમાં રહે છે. અને ભાવથી દૂધ આપ્યું છે. પૈસા નથી લીધા. સંતો કહે છે, રોકો, જરા પ્રસાદ લેતા જાય. સંતોએ પ્રસાદી આપી. તો આ દેસાઈ કહે છે, આવું બધું બગાડેલું અમે ન ખાઈએ. અમે તો તોંસળું ભરીને દૂધ પી જઈએ. પણ આવો બગાડેલો ઘૂંટો અમને નો ભાવે. પણ ભગવાનનો પ્રસાદ છે. થોડોક તો ચાખો, હરિનો પ્રસાદ છે. અને સંતોનું માન રાખવા જાણે ચાખતો હોય એમ શિખંડમાંથી જરા આંગળી ભરી મોઢામાં મુક્યો તો આંખો પહોળી કરી દીધી. લાવો.... લાવો...... લાવો.... અને પાંચસો-સાતસો ગ્રામ જેટલો શિખંડ માગીને ખાઈ ગયો. પાછી હોજરી મજબૂત હોય એટલે વાંધો ન આવે. પાછો કહે, બાપુ ! તમે અઠવાડું રોકાવ, દરરોજ આવો ઘુંટો કરો. પછી તો જ્યારે જ્યારે એ હરિભક્તો મળે ત્યારે કહેતો કે તમારા સ્વામીજી આવવાના છે ? જ્યારે જોઈએ ત્યારે દૂધ મારી પાસેથી લઈ જજો. અને આવો ને આવો ઘુંટો બનાવજો. શિખંડ દાઢમાં ચોંટી ગયો. જ્યાં સુધી એણે ચાખ્યો નહોતો ત્યાં સુધી અભાવ હતો પણ આપ્યો ત્યારે એમ થયું આમાં તો બહુ જલસા છે, બહુ સ્વાદ છે.

મિત્રો ! જ્યાં સુધી આ જીવાત્માએ કથા રસ ચાખ્યો નથી ત્યાં સુધી એનો મહિમા નહી સમજાય. પણ એકવાર સાચા દિલથી સત્સંગ-કથાનો આસ્વાદ લીધા પછી એના વગર ચાલશે જ નહી. સ્વામિનારાયણ ભગવાને કથાનો મહિમા સમજાવતાં કહ્યું કે દરરોજ ભગવાનના મંદિરમાં જવું અને --

"કાર્યાસ્તસ્ય કથાવાર્તા, શ્રવ્યાશ્ચ પરમાદરાત્"
- શિક્ષાપત્રી શ્લોક ૬૪

દરરોજ ભગવાનના મંદિરમાં જવું અને ભગવાનની કથા-વાર્તા પરમ આદર થકી કરવી અને સાંભળવી. આટલી નોની વાતમાં એ દેસાઈનું કલ્યાણ થઈ ગયું એટલે સત્સંગી માત્રે યાદ રાખવા જેવું સૂત્ર એ છે કે મોક્ષનું મૂળ કથા છે.

●

**સર્વસ્વનું દાન**

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

મિત્રો ! આવો આપણે આજે વ્યવહારની ભાષા અને પ્રેમની ભાષાને સમજીએ. વાત એમ છે કે શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં કૃષ્ણ જન્મ સમયે નંદબાવાએ ભૂદેવોને બે લાખ ગાયો દાનમાં આપી એમ લખ્યું છે. આ વાત વાંચી કે સાંભળીને મનમાં તરત જ વિચાર આવે કે નંદ બાવાએ બે લાખ ગાયો જો દાનમાં આપી તો એમની પાસે કેટલી બધી ગાયો હશે ! વળી એમ પણ પ્રશ્ન થાય કે આટલી બધી ગાયો બાંધવા કેટલી મોટી ગામ જેવી જમીન હશે !

પણ એક વાત બહુ ધ્યાનથી વિચારવા જેવી છે કે ભાષા બે પ્રકારની હોય છે. એક વહેવારની ભાષા અને બીજી પ્રેમની ભાષા.

એક વતા એક બરાબર બે થાય. આ વહેવારની ભાષા છે. પણ પ્રેમની ભાષા બહુ અનોખી છે. તેને સમજવા માટે આપણે પણ પ્રેમી થવું પડે. વહેવારની ભાષામાં ગણતરીનું ખૂબ મહત્વ છે. અને પ્રેમની ભાષામાં અંતરના ભાવનું ઘણું મહત્વ છે. આ ઉપરની બાબતને પ્રેમની ભાષાની રીતે મુલવીએ તો બે લાખ ગાયો દાનમાં આપી તેનો ભાવાર્થ એવો કરી શકાય કે પુત્રના જન્મનો નંદબાવાના હૃદયમાં એવો ઉમળકો હતો એવો ભાવ હતો કે તેમણે ભૂદેવોને હૃદયના ભાવ સાથે જાણે બે લાખ ગાયો દાનમાં આપી હોય તેટલી ખુશી, તેટલું સમર્પણ તેમના હૃદયમાં હતું.

સૌથી મોટી વાત એ છે કે આવી ભાવનાવાળા માણસો અને આવી ભાવનાને સમજવા વાળા માણસો બંને કળિયુગના પ્રભાવમાં ઘટવા લાગ્યા છે. પણ જો આપણે એવા સાચા ભાવ વાળા હોઈએ અને ભગવાનની કૃપાથી એવું સાચું ઠેકાણાની પ્રાપ્તિ થાય તો તે તેમની પાસે કરેલ દાન કે સમર્પણ ઉગી નીકળે છે.

એકવાર મહારાજ ગઢડામાં વિરાજમાન હતા. સભામાં કથા-વાર્તા, સત્સંગની વાતો ચાલતી હતી. તે સમયે એક ભૂદેવ આ સભામાં આવ્યા અને જ્યાં જગ્યા હતી ત્યાં બેસી ગયા. સભા ચાલું હોય ત્યારે કોઈ વચ્ચે આવે, લાતો મારી ને આગળ આવીને બેસે તે મહારાજને જરાય ગમતું નહી. આ ભૂદેવને મહારાજની પ્રકૃતિની ખબર હતી તેથી ચાલુ સભામાં પગે લાગવા ન આવતા. સભામાં યથાસ્થાને બેસી ગયા. થોડીવાર પછી સભા પૂર્ણ થઈ ત્યારે આ ભૂદેવે આવી મહારાજના ચરણ સ્પર્શ કર્યા અને પોતાની પાઘડીની ગાંઠો ખોલવા લાગ્યા. આ પાઘડી જાણે આ ભૂદેવની પરિસ્થિતિનો અહેસાસ કરાવી રહી હોય તેમ તેમાં દસથી પંદર જેટલી ગાંઠો મારેલી હતી. ત્રણ-ચાર ગાંઠ ખોલી ત્યાં એક રૂપિયો હાથ આવ્યો. અને એ રૂપિયાનું સમર્પણ એમણે હરખાતા હૈયાથી શ્રીહરિના ચરણોમાં કર્યું.

કૃપાળુ પરમાત્મા તો સર્વાન્તર્યામી છે. તેઓ આ ગરીબ ભૂદેવની પરિસ્થિતિને જાણતા હતા એટલે તરત જ બોલ્યા હે ભક્તરાજ ! હે ભૂદેવ ! તમે આ રૂપિયો અમારા ચરણે સમર્પિત કરી દીધો એના કરતાં એમાંથી સારી પાઘડી ખરીદી હોત તો ? જુઓ તો ખરા આ તમારી પાઘડી કેટલી બધી જર્જરીત થઈ ગયેલી છે.

ત્યારે ભૂદેવ બોલ્યા હે મહારાજ ! તમારી પાસે કેટકેટલાય હરિભક્તો આવે છે અને કાંઈને કાંઈ સમર્પણ કરે છે. આ જોવું છું ત્યારે મારા મનમાં પણ સદાય એવી ઝંખના રહેતી હોય છે કે હું પણ મારા ઈષ્ટદેવના ચરણે કાંઈક સમર્પણ કરૂં પણ મારી પાસે કાંઈ જ હતું નહી જે આપના ચરણે સમર્પિત કરી શકું. પરંતુ હમણાં દસ-પંદર દિવસ પહેલાં એક શેઠે એમના ઘરે ભૂદેવોને બોલાવીને જમાડ્યા હતા. એ શેઠે મને પણ બોલાવેલો અને જમાડ્યા પછી એણે સહુ ભૂદેવોને એક એક રૂપિયો દક્ષિણા આપી એ આ રૂપિયો છે. જેવી આ દક્ષિણા મળીને મારા મનમાં સંકલ્પ થયો કે આ હું આપના ચરણે સમર્પિત કરીશ એટલે એને મારી પાઘડીમાં સાચવી રાખ્યો હતો. અને આજે એ

અનુ. પેજ નં. ૨૮ ૫૨

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "વાણી, વર્તન અને વ્યવહારથી કોઈને પણ દુઃખ ન આપવું"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

પ્રથમ તો સ્વભાવ સુધારવાનો છે. પહેલા માણસ બનવાનું છે. પછી ભક્તિ કરાવની. કેમ કે ? સ્વભાવ નહિ સુધારો તો ભક્તિ કરેલી કામ નહિ લાગે. આપણે છળ કપટ કરીએ તે બધું ભગવાન જુએ છે. આપણને એક ક્ષણ પણ મનમાં જ વિચાર આવ્યો છે ને ? પરંતુ જે કર્મ ફળ પ્રદાતા છે. કર્મનું ફળ આપવાના છે તે બધું જ જાણે છે. જોઈ રહ્યા છે. પરંતુ તરત ફળ આપતા નથી. કેમ કે આપણને સુધરવાની તક આપે છે.

જ્યારે આપણા મંદિરમાં ઉત્સવ પ્રસંગે આપણે જોઈએ છીએ કે નાની બાબતમાં પણ બધાને કેટલો ગુસ્સો આવે છે. દર્શન કરતી વખતે પણ કોઈને ધક્કા-મુક્કી કરી દે છે. ઘણા જાણી જોઈને પણ કરતા હોય છે. પરંતુ નાની વસ્તુમાં પણ કેટલું બધું મોટું થઈ જાય છે. સામેવાળા માણસ એવું કરી રહ્યા છે. પણ આપણે તેવા બનવાનું નથી. આપણે કોઈ પણ વ્યક્તિ માટે વિચારીએ કે તે કેવી રીતે આવ્યા હશે ? કેટલે દૂરથી આવ્યા હશે ? કેટલું નક્કી કર્યું હશે ત્યારે અહીં સુધી 'શ્રી નરનારાયણદેવ'ના શરણ સુધી પહોંચાયું હશે ? ઘેર કેટલું કામ મુકીને આવ્યા હશે ? ઘેર જઈને કેટલું કામ કરવાનું બાકી હશે. જે પહોંચીને સમયસર પતાવવાનું હશે. એવું વિચારીશું ત્યારે કોઈની ઉપર ગુસ્સો નહિ આવે. કેમ કે કોઈ પણ વ્યક્તિ ઘેરથી એવું નક્કી કરીને તો મંદિરમાં આવતી જ નથી કે મંદિરમાં જઈને હું કોઈને ધક્કો મારીને પાડી દઉ ! પરંતુ પરિસ્થિતિ એવી હોય છે એટલે આપણે આપણી વાણી પર કન્ટ્રોલ રાખવાનો. શું બોલો છો ? કેવું બોલો છો ? કેમ બોલો છો બધું ધ્યાન રાખવાનું છે.

એક વખત એક રાજાના મહેલની બહાર એક આંધળો માણસ બેઠો હતો. ત્યાંથી રાજાની સવારી નીકળવાની હતી તેથી રાજાના સેવકે જોયું કે અંધ માણસ બેઠો છે તેણે તેને લાત મારી ને કહ્યું કે હમણા રાજા અહીંથી નીકળવાના છે તો ઉઠ રસ્તા વચ્ચેથી ઉભો થઈ જા ! ખબર નથી પડતી. તો પહેલા માણસે કીધું કે હું થાકી ગયો છું એટલે થોડીવારમાં ઉભો થઈ જાઉ છું. થોડીવાર પછી રાજાના પ્રધાન રોડ ઉપર ચેક કરવા નીકળ્યા, તો પ્રધાને લાત ન મારી પરંતુ કીધું કે તું હજી સુધી અહીંયા બેઠો છે. ક્યારની તૈયારી ચાલે છે. રાજાની સવારી નીકળવાની છે. તું અહીંથી ઉભી થઈ જા. તો પેલા માણસે કીધું કે જાઉં છું. પછી થોડીડ વારમાં રાજાની સવારી નીકળી છતાં પેલો માણસ ત્યાં જ બેઠો હતો. રાજાએ જોયું અને નીચે ઉતરી ખંભે હાથ મૂકીને પૂછ્યું કે સુરદાસજી અહીંયા કેમ બેઠા છો ? થાકેલા લાગો છો ? તમને કાંઈ જરૂર છે. મંગાવી આપુ. કાંઈ વ્યવસ્થા કરાવી આપુ. તો સુરદાસે કીધું કે ના રાજન્ ! મારે કાંઈ જોઈતું નથી. હું તો થાકી ગયો હતો તેથી અહીંયા બેઠો હતો. એક માણસ આ બધું જોઈ રહ્યો હતો. તેણે સુરદાસને પૂછ્યું કે આપને તો આંખે દેખાતું નથી તો આપને ખ્યાલ ક્યાંથી આવ્યો કે આ રાજા છે ? તો સુરદાસે કીધું કે તેમના બોલવા પરથી તેમની વાણી પરથી ખ્યાલ આવી ગયો કે આ રાજા જ છે. તો આપણી વાણીમાં પણ વિવેક હોવો જોઈએ. નમ્રતા મહારાજને ખૂબ ગમે છે. આપણે મોટા થઈને કેટલા મોટા થવાનું છે ? કઈ વાતની મોટાઈ રાખવાની છે ? આપણું છે શું ? કોઈનું અપમાન કરીએ તો શું મળે છે ? આપણે આ 'શ્રી નરનારાયણદેવ'નું શરણ સ્વીકાર્યું છે એટલે આપણને આ સત્સંગમાં બધા ઓળખે છે. સદ્‌ગુણો રાખવાથી કોઈને આપ કહેવાથી આપણું કશું નાશ પામવાનું નથી. આપણે આપણી મોટાઈ દેખાડીને કે કોઈનું અપમાન કરીને આપણી બુદ્ધિનું પ્રદર્શન કરીએ છીએ. આપણો સ્વભાવ ખરાબ દેખાય છે. આપણી મશ્કરી થાય છે. એટલુ ખાસ ધ્યાન રાખવાનું. આપણી વાણી સુધારવાની છે. આપણી વાણીથી કોઈને

કષ્ટ ન થવુ જોઈએ. કોઈનું અપમાન નહિ કરવાનું. અહંકાર નહિ રાખવાનો. અમુક વખતે આપણે કેટલા શાસ્ત્રો વાંચવાનો દાવો કરતા હોઈએ છીએ કે આ શાસ્ત્રો આટલી વાર વાંચ્યા. આમ કર્યું, પરંતુ તેનું પરિણામ શું આવે છે ? તે જોવાનું છે. નાની નાની વસ્તુમાં મનમાં ઝેર ભરાઈ જાય છે. એવું ના ચાલે. ગમે તે વસ્તુમાં તમે કોઈને શિખામણ આપો તો ૯૦% સામેવાળા માણસો સ્વીકારતા નથી. કારણ કે દરેક વ્યક્તિ એવું વિચારે છે કે હું જે વિચારું છું એ જ સાચું છે. એ જ બરાબર છે. એવી રીતે થવું જ જોઈએ. એવી રીતે ન થાય તો સામેવાળાનું ઉંધુ બોલે છે. બધું નક્કી કરીને જ બેઠા હોય છે. પ્રશ્ન પણ પૂછીએ છીએ તો પણ આપણને અનુકુળતા પ્રમાણે જ જવાબ મળે એવી અપેક્ષા હોય છે. જવાબ એ પ્રમાણે ન મળે તો તરત ભાવ બદલાઈ જાય છે. એટલે આપણી ભૂલ શું થાય છે. તો આપણે ભગવાનને માનીએ છીએ પરંતુ ભગવાનનું નથી માનતા. દરેક શાસ્ત્રો અને દરેક ધર્મને ગહન રીતે સમજો તો પહેલા માણસ બનતા શીખવાડે છે.

કોઈ એક સમયે ભગવાન વેદવ્યાસને કોઈએ પૂછ્યું કે

**બધા શાસ્ત્રોનો સાર શું છે ?**

તો ભગવાન વેદવ્યાસે 'ચાર વેદ' અને 'અઢાર પુરાણ'ની રચના કર્યા પછી શાસ્ત્રોના સારરૂપે એક શ્લોક આપેલો છે કે,

अष्टादस पुराणेषु व्यासस्पवचन द्वयम् ।

परोपकारः पुण्याय पापाय पर पीडनम् ॥

તો આટલા બધા શાસ્ત્રોના રચયિતા ભગવાન વેદ વ્યાસે કીધું છે કે પરોપકાર કરવાથી પુણ્ય મળે છે. અને બીજાને દુઃખ આપવાથી પાપ મળે છે. તો પાપ અને પુણ્યના બધા શાસ્ત્રોના સારરૂપે મુખ્ય બે જ કારણ બતાવ્યા છે તેમા ઘણું બધું સમાઈ જાય છે. તેવી જ રીતે આપણા સૌના જીવનને 'ધર્મ-ભક્તિ' અને પ્રેમરસમાં તરબોળ કરનાર પરમ વંદનીય પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ આપેલ એક જ નિયમમાં વિચાર કરીએ તો ઘણું બધું સમાઈ જાય છે. આપણે તેને અમલમાં મુકીશું તો આપણાથી ક્યારેય કોઈ પણ ખોટુ કાર્ય થશે જ નહિ. આપણે એવું નિયમ રાખીશું કે દરરોજ સવારે ઉઠીને પ.પૂ. ગાદીવાળાશ્રીએ આપેલ નિયમને યાદ કરીને પાંચ વાર બોલી જવું કે,

**"મારા વાણી, વર્તન અને વ્યવહારથી કોઈપણ જીવને કાંઈ પણ દુઃખ ન જ પહોંચવું જોઈએ." તે પછી આ વસ્તુ આપણા જીવનમાં** કાયમ માટે વણાઈ જશે. કેમ કે, આપણી અંદર આખું જગત ભરેલું છે ને એટલે ભૂલાઈ જાય છે. તો આપણી જાતને દરરોજ યાદ કરવાનું. અને કોઈને દુઃખ અપાઈ જાય તો તેનું પ્રાયશ્ચિત કરવું તો જ આપણા જીવનમાં આપણે આ નિયમને પાળી શકીશું. અને આ નિયમ ચાતુર્માસ પુરતો નથી જીવન પર્યંત જાળવી રાખવાનો છે. અને પ.પૂ. ગાદીવાળાશ્રીએ ભાર દઈને આજ્ઞા કરેલી છે કે બીજા નિયમ તમારાથી શક્ય હોય તે લેજો પરંતુ સ્વભાવ સુધારવાનું નિયમ અવશ્ય લેજો.

●

**"પ્રેમ"-"પરમાત્માને પામવાનો માર્ગ"**

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

પરમાત્માને પ્રસન્ન કરવાનાં બે સાધનો છે. સેવા અને સ્મરણ. ત્રણ કલાક રોજ સેવા-સ્મરણ કરો. પ્રહલાદજી કહે છે કે બે સાધનોથી ભગવાન અવશ્ય મળે છે. ભગવાનની સેવા અને તેનું સ્મરણ. બાકી બીજા કશાની જરૂર નથી. દક્ષિણા આપવાથી પુણ્ય મળશે નહીં. એ પૈસાનો સદ્દુપયોગ છે. પુણ્ય મેળવવા તમારે જાતે સેવા-સ્મરણ-જપ કરવા પડે છે. પરમાત્માને પ્રસન્ન કરવાનું સાધન પ્રેમ છે. સેવા પૂજામાં ધન મુખ્ય નથી. મન મુખ્ય છે. ગુંસાઈજી મહારાજના ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં પદ્મનાભદાસની કથા આવે છે. તેઓ ગરીબ હતાં. ઠાકોરજીને ચણાના ફોતરાં ધરાવેલા. ઠાકોરજીને ચણાંના ફોતરામાં શિખંડની સુગંધ આવે છે. ભગવાન એ જોતા નથી કે મને શું આપે છે. ફક્ત એટલું જ જુએ છે કે કેવા ભાવથી આપે છે. સેવા-સ્મરણથી ભગવાન સેવકને આધિન બને છે.

ગજેન્દ્ર ભણેલો ન હતો. કેવળ પ્રેમથી પોકારવાથી, ભક્તિથી ભગવાન તેને મળ્યા છે. ગજેન્દ્રે ક્યાં તપશ્ચર્યા કરેલી કે અષ્ટાંગ યોગની સાધના કરેલી. કેવળ ભક્તિથી

જ ભગવાન ગજેન્દ્ર ઉપર પ્રસન્ન થયા હતા. ભક્તિથી ભગવાન મળે છે. ઈશ્વરમાં ખૂબ પ્રેમ રાખી ખૂબ સેવા-સ્મરણ કરો.

બહુ સંપત્તિથી પરમાત્મા મળતા નથી. અનેકવાર પૈસા ભગવત સેવામાં ભગવદ્ ભજનમાં વિધ્ન કરે છે. ભગવાનને પ્રસન્ન કરવા બહુ ભણવાની જરૂર નથી કે બહુ પૈસા કમાવવાની પણ જરૂર નથી. જો પૈસાથી પરમેશ્વર મળતા હોય તો પૈસાદાર લોકો લાખો રૂપિયા આપી પરમાત્માને ખરીદી લે. ભણેલા કુતર્ક કરે છે અને કહે છે પહેલા ચમત્કાર બતાવે તે પછી તમારા ઠાકોરજીને નમસ્કાર કરું. ઈશ્વરને કોઈની જરૂર નથી. તમને ઈશ્વરની જરૂર હોય તો ખૂબ શ્રધ્ધાથી સેવા-સ્મરણ કરો પછી તે ઈશ્વરને યોગ્ય લાગશે તો કાંઈક ચમત્કાર બતાવશે. ઈશ્વરની સેવા-સ્મરણ કરો પછી જુઓ કે કેવું પરિવર્તન થાય છે. તે પ્રમાણે જાદુગરને પૈસાની જરૂર છે એટલે ચમત્કાર બતાવે છે. પહેલા ચમત્કાર પછી નમસ્કાર એ વ્યવહારનો કાયદો છે. ભગવાન એવું કરતા નથી. ઈશ્વરને ત્યાં પહેલાં નમસ્કાર પછી ચમત્કાર. ચમત્કાર પછી નમસ્કાર એ અભિમાન છે. જરા વિચારો ? આ જગત એ જ ચમત્કાર છે. ફુલમાં સુગંધ કોણ મૂકે છે ? એક સૂક્ષ્મ નાના બીજમાંથી મોટો વડ થાય છે. માતાના સ્તનમાં દૂધ કોણ બનાવે છે ? જગત ઈશ્વરનાં ચમત્કારોથી ભરેલું છે.

વ્યવહારમાં પણ અંધશ્રધ્ધા રાખવી પડે છે. ડોકટરથી અનેક કેસ બગડી જતા હોય છે. તેમ છતાં દરદીને સારું કરી શકશે એવી શ્રદ્ધા રાખવી પડે છે. ડોકટરમાં વિશ્વાસ ન રાખો તો ડોકટર દવા આપે નહીં અને દવા પેટમાં ગયા વગર રોગ જતો નથી. તે પ્રમાણે સેવા માર્ગમાં પ્રથમ શ્રધ્ધા રાખવી પડે છે.

ભગવાન ક્યાં આરોગે છે ? ઓછું કેમ થતું નથી ? બહુ ભણેલાના મનમાં આવા કુતર્કો થાય છે પણ ઠાકોરજી તો ભાવ જોઈ પ્રસન્ન થાય છે. ઠાકોરજીને ભોગ ધરાવો ત્યારે તે તેમાંથી રસ, સાર ખેંચી લે છે. પરમાત્મા રસભોકતા છે. ખરેખર ઠાકોરજી આરોગવા લાગે તો આ કળિયુગમાં કોઈ ભોગ ધરાવે કે નહીં તે એક પ્રશ્ન છે. ધંધો કરવો એ પાપ નથી પરંતુ ધંધો કરતી વખતે ઈશ્વરને ભૂલી જવા એ પાપ છે.

એકનાથ મહારાજ આખો દિવસ પ્રભુ સેવા, પ્રભુ ભજન કરતાં. સેવાના અવિરત શ્રમથી તેઓ થાકી જતાં. તેમની આવી ભક્તિ જોઈ ઈશ્વરને પણ તેમના ઉપર દયા આવી. મારો ભક્ત મારા માટે કેટલો શ્રમ ઉઠાવે છે ? બિચારો થાકી જાય છે ? ચાલ હું જઈ તેમને તેમનાં કાર્યમાં મદદ કરું તેને શ્રમ ઓછો થાય.

ભગવાન બ્રાહ્મણનું રૂપ ધરીને એકનાથને ત્યાં આવે છે. આવીને કહે ભાઈ ? મને તમારે ત્યાં નોકરીમાં રાખશો ? એકનાથ કહે છે કે મારે ક્યાં નોકરની જરૂર છે ? હું તો આખો દિવસ પ્રભુનું સેવા સ્મરણ કરું છું. ભગવાન કહે છે કે હું તને ઠાકોરજીની સેવા પૂજામાં મદદ કરીશ. એકનાથ કહે, તારી ઈચ્છા હોય તો ભલે મારે ત્યાં રહેજે. એકનાથ પૂછે છે કે ભાઈ, તારું નામ શું છે ? ભગવાન કહે મારું નામ શિખંડ્યો. ભગવાન એકનાથને ત્યાં બાર વર્ષ આ પ્રમાણે નોકર થઈને રહ્યા હતા. જેને ચંદન લગાડવાનું છે એજ પોતે આજે ચંદન ઘસે છે. તુલસીદાસ ચંદન ઘસે, તિલક લેત રઘુવીરને બદલે આજે રઘુવીર ચંદન ઘસે છે. આવો છે ભક્તિનો મહિમા.

●

**સ્વરૂપનિષ્ઠા - સર્વોપરીની**

- વીણાબેન નરેન્દ્રભાઈ ઠક્કર (બોપલ)

અક્ષરાધિપતિ શ્રીજી મહારાજે વચનામૃતમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, કલ્યાણ, મોક્ષ આવા શબ્દોનો વારંવાર ઉપયોગ કર્યો છે. અને અમૃતરૂપી જ્ઞાન પીરસ્યું છે. જે આપણા સૌના કલ્યાણ માટે છે. સત્સંગી તરીકે આપણે તે સમજવું જરૂરી છે. મહારાજ ગઢડા મધ્યના ૧૬ માં વચનામૃત માં બોલ્યા છે કે ‘‘સ્વરૂપનિષ્ઠા પાકી રાખવાથી ધર્મનિષ્ઠા પણ સાથે ભેળી આવી જાય છે. તો સ્વરૂપ નિષ્ઠા એટલે શું ? - સ્વરૂપ નિષ્ઠા એટલે ભગવાનના સ્વરૂપનો પાકો નિશ્ચય - ભગવાનની સાચી ઓળખાણ, જેમ કે, આપણે એકવાર આંબાનું વૃક્ષ જોયું હોય તે પછી આપણા મનમાં એમ જ બેસી જાય છે કે આ આંબાનું જ વૃક્ષ છે. અન્ય નહીં. એજ રીતે ભગવાન શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય હોવો જોઈએ. મહારાજના સ્વરૂપમાં વિશેષ શ્રધ્ધા-વિશ્વાસ-ઐશ્વર્ય-ગુણ-સ્મૃતિ સહિત નામ સ્મરણ કરવું. ધૂન કીર્તન લીલા ચેષ્ટા - ધ્યાનના પદોમાં પણ

શ્રીહરિની સ્વરૂપ નિષ્ઠા નો અંતરમાં સાચો ખ્યાલ આવે છે. સૌના મોક્ષ દાતા - કલ્યાણ દાતા એવા શ્રીહરિના સ્વરૂપમાં જરાય સંશય સંકોચ રાખવો નહી. આપણે બધાજ ધર્મ પાળીએ છીએ. ભક્તિ કરીએ છીએ. ધૂન-કીર્તન બોલીએ છીએ, મંદિર જઈએ છીએ, કથા-વાર્તા સાંભળીએ છીએ, ચાતુર્માસમાં નિયમ લઈએ છીએ, વ્રત-ઉત્સવ કરીએ છીએ, પાટોત્સવ કરવા જઈએ છીએ, પણ સાથે-સાથે ભગવાન શ્રીહરિના સ્વરૂપનો સાચો અને પાકો નિશ્ચય હોવો જ જોઈએ કે, 'મહારાજ મારા છે અને એ જ મારૂ કલ્યાણ કરશે. મારૂ સારૂ જ કરશે. એ જે કાંઈ કરશે મને માન્ય છે. આ જીવનમાં ચાહે સુખ આવે કે દુઃખ કેટલાય હરિભક્તોના જીવનમાં મહારાજે પરચાં પૂર્યા છે જે આપણે સૌ સત્સંગી જાણીએ જ છીએ.

ભગવાન શ્રીહરિ નિત્ય-નિરંજન-નિર્વિકાર સર્વવ્યાપક - દિવ્ય સાકાર - સર્વના નિયંતા - અંતર્યામી હોવા છતાં બધા જ ઓળખી શકતા નથી અને બધાને મળતા પણ નથી.

સાચા હૃદયથી-સાચા મનથી અને વિશ્વાસથી મહારાજને જે ઓળખે છે તે મહારાજને ગમે છે. દ્રૌપદીએ જ્યારે ભરી સભામાં શ્રીકૃષ્ણને આજીજી કરી ત્યારે ભગવાને તરત જ મદદ કરી અને લાજ બચાવી. કેમ કે દ્રૌપદી શ્રીકૃષ્ણ ભગવાનને જાણતી હતી. ઓળખાણ પાકી હતી. નિશ્ચય પાકો હતો. માટે જે જે મહારાજને સાચી રીતે ઓળખે છે તેને શ્રીહરિ એક ક્ષણનોય વિલંબ કર્યા સિવાયને ભક્તની વ્હારે આવે છે એમાં સંશય નથી. આપણે સૌ કીર્તન ગાઈએ છે ''આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી સ્વામિનારાયણ સત્ય છે.... જામનગરના ઝવેરબાઈને શ્રીહરિએ અદ્‌ભૂત પરચો પૂર્યો હતો. પોતાના આશ્રિતો માટે મહારાજે ગુરુ રામાનંદ સ્વામી પાસે બે વરદાન માગ્યા જે આપણે સૌ જાણીએ છીએ. સંપ્રદાયમાં આવા કેટલાય દાખલા છે. મહારાજ આપણને મળ્યા છે તે ખૂબ દયાળુ છે. સર્વાવતારી છે સર્વોપરી છે. પૂર્ણ પુરુષોત્તમ છે. આપણા સૌના ઈષ્ટદેવતા છે. માટે આપણે ઓળખાણ પાકી રાખવી જોઈએ. મહારાજ વચનામૃતમાં બોલ્યા કે ''કદાચ તમે નિયમ પાળવામાં કાંઈક ભૂલ કરશો તો ભગવાન માફ કરી દેશે પણ સ્વરૂપ નિષ્ઠામાં જરા પણ કાચયપ આવી તો મોક્ષ માર્ગમાંથી પડી જશો. મહારાજ અંતકાળે તેડવા આવે અને આપણી સ્વરૂપનિષ્ઠા દઢ હોય તો આપણે ઓળખીએ અને આપણું કલ્યાણ થાય. મનમાં એવો પાકો નિશ્ચય હોવો જોઈએ કે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. અને ઉપાસ્ય ઈષ્ટદેવ અને મારા આત્યંતિક કલ્યાણના દાતા છે. માટે મહારાજમાં હેત રાખવું. આપણા માનસ પટ પર મહારાજ સાથેના ભાવ ભક્તિ-રાજીપો - સેવા - દર્શન - મનન આ કળિકાળમાં ચાલું રાખવા. આધ્યાત્મિક માર્ગમાં આગળ આવીએ. મહારાજના શરણે રહીએ - એકાગ્ર થઈએ ધ્યાન કરીએ. મહિમા જાણીએ. મૂર્તિને અંતરમાં રાખીએ તો જરૂરથી આપણી સઘળી ચિંતા મહારાજ હણી લે છે. સર્વ નિષ્ઠાઓ જેમાં આવી જતી હોય એવી જો એક નિષ્ઠા હોય તો તે સ્વરૂપ નિષ્ઠા છે. બીજી નિષ્ઠામાં ખામી હોય તો તે ભાંગે છે પણ સ્વરૂપ નિષ્ઠામાં ખામી હોય તો જરૂર જન્મ ધરાવે છે.

અનુ. પેજ નં. ૨૪ નું

મારો સંકલ્પ પૂર્ણ થયો. હું ધન્ય થઈ ગયો મહારાજ હું ધન્ય થઈ ગયો.

ભૂદેવે જ્યારે આ વાત કરી ત્યારે મુક્તાનંદ સ્વામી પણ ત્યાં જ બેઠા હતા. મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, સ્વામી ! આ ભૂદેવે સર્વસ્વનું દાન કર્યું છે. એમની પાસેની જે કાંઈ પણ મૂડી ગણો તે આ એક રૂપિયો અને તેમણે એ અમારા ચરણે સમર્પિત કરી દીધો. આ થઈ પ્રેમની ભાષા.

મિત્રો ! આ વાત પરથી જરૂર સમજાય કે ભૂદેવનું સર્વસ્વનું દાન એ પ્રેમની ભાષા છે. હૈયાના હેતથી જે સમર્પણ કરવામાં આવે તે જમીનમાં વાવેલી ગોટલી બરાબર છે. એમાંથી મોટું વૃક્ષ થાય અને સમયાંતરે તેમાંથી ફળની પ્રાપ્તિ થાય.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ શ્રીકૃષ્ણ ભગવાનના જન્માષ્ટમી આદિ દિવસોનું વ્રત, આદર થકી મોટા ઉત્સવ કરીને કરવાનું શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં આજ્ઞારૂપે કહ્યું છે ?

પ્ર. ૨ પાંચ વાતે સાનુકુળ હોય ત્યારે પ્રભુ ભજાય તે કઈ ?

પ્ર. ૩ શ્રીજી મહારાજે પૂર્વે આચાર્ય થઈ ગયા તે પૈકી ''રામાનુજ આચાર્ય''નો મત જણાવ્યો તે ક્યો ?

પ્ર. ૪ દ્વારકામાં સત્રાજીત યાદવની પાસે સ્યમન્તક નામનો મણી હતો જે દરરોજ સોનું આપતો. તે મણી જેની પાસે હોય તેની આજુબાજુ રોગ આવી શકતો નહિ. આવા ગુણોવાળા મણી માટે સત્રાજીતને કોણે મારી નાખ્યો ?

પ્ર. ૫ રૂડાં લાગે છે મોહન લાલ લટકાં તારાં રે મોહ્યાં મોહ્યાં છે સુંદર છેલ, મનડાં મારા રે.... - કીર્તનના રચયિતાનું નામ જણાવો.

પ્ર. ૬ શ્રીજી મહારાજ મોટેરા ગામે સાબરમતીના જળમાં સંતો-ભક્તો સાથે નાહવા પધાર્યા. પ્રથમ શ્રીહરિ ધરામાં જઈને પાણી કેટલું છે તે જોઈને શું બોલ્યા ?

પ્ર. ૭ ધર્મશાસ્ત્રોમાં વિવાહના આઠ પ્રકાર ગણાવ્યા છે તે ક્યા ?

## ઓગસ્ટ-૨૦૧૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ. (૨) બે પ્રકારની, માયિક સૃષ્ટિ, દિવ્ય સૃષ્ટિ. (૩) વનિતાનું રૂપ. (૪) ભૌતિક દેહ, સુક્ષ્મ દેહ, કારણ દેહ, આત્મ સ્વરૂપ, પરમાત્મા સ્વરૂપ. (૫) સતારૂપ થઈને શ્રીહરિનું ધ્યાન કરે તો કાળે કરીને લિંગદેહનો નાશ થઈ જાય છે. (૬) રાજા દશરથ. (૭) ''સાહેબ સરીખા શેઠીયા, વસે નગર કે માંહી, તાકો ધનકી કહાં કમી, જાકી હુંડી ચાલે નવખંડ માંહી.''

| | |
|---|---|
| ૧ | દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર) |
| ૨ | ડાભી મફાજી સરદારજી (ડાંગરવા) |
| ૩ | ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા) |
| ૪ | પટેલ મીનાબેન મહેન્દ્રભાઈ (અમદાવાદ) |
| ૫ | વિનોદ પી. પટેલ (વહેલાલ) |
| ૬ | ઉમંગ મુકેશભાઈ પટેલ (કલોલ-પંચવટી) |
| ૭ | સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર) |
| ૮ | પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ મગનભાઈ (ડાંગરવા) |
| ૯ | પટેલ લલીતાબેન રમણભાઈ (સાબરમતી) |
| ૧૦ | પટેલ શારદાબેન હીરાભાઈ (સાબરમતી) |
| ૧૧ | પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર) |
| ૧૨ | પટેલ સંગીતાબેન અરૂણભાઈ (અંબાપુર) |
| ૧૩ | પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ) |
| ૧૪ | પટેલ ગંગાબેન ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ) |
| ૧૫ | સોની પલ્લવીબેન આર. (સુરેન્દ્રનગર) |
| ૧૬ | પટેલ અંજનાબેન મનુભાઈ (દહેગામ) |
| ૧૭ | ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર શાંતિલાલ (વાડીગામ) |
| ૧૮ | સાં.યો. રંજનબા તથા નાનીબેન (વિરાટનગર) |
| ૧૯ | અરવિંદાબેન ભાવસાર (ચાંદલોડીયા) |
| ૨૦ | સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર) |
| ૨૧ | દિપીકા કિરણકુમાર પટેલ (નારણપુરા) |
| ૨૨ | સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા) |
| ૨૩ | સાં.યો. બહેનો (મોરબી) |
| ૨૪ | વીણાબેન આર. ભાવસાર (નવરંગપુરા) |
| ૨૫ | સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ) |
| ૨૬ | પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ) |
| ૨૭ | પટેલ ચંપ્રપ્રકાશ ચુનીલાલ (રાણીપ) |

**સૂચના :** પ્રશ્નપેટીના ઉત્તર લખતા ભક્તોને ખાસ સૂચન છે કે હવે પછી એકજ વ્યક્તિના લખેલ સરખા જ અક્ષરવાળા ઉત્તર સ્વીકારાશે નહી. જે તે વ્યક્તિએજ પોતાના હસ્તાક્ષરમાં જ જવાબ લખવા તેવું ખાસ સૂચન છે. અને સારા ફુલ સ્કેપ પેપરમાં જ જવાબ લખવા જેવા તેવા પેપરમાં ટુકડામાં લખેલ જવાબો સ્વીકારાશે નહીં.

પ્રશ્નપેટીના ઉત્તરો દર માસની ૨૨ તારીખ સુધીમાં સ્વીકારાશે. ત્યારબાદ આવેલ ઉત્તરો પ્રકાશિત થશે નહિ.

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી તથા સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં તથા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં શ્રાવણ વદ-૮ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાક દરમ્યાન મંદિરના પ્રસાદીના સભા મંડપમાં સંપ્રદાયના સુપ્રસિદ્ધ ગાયક કલાકાર પ.ભ. જયેશભાઈ સોનીના સુંદર મધુર કંઠે નંદ સંતો રચિત કીર્તન ભક્તિ મહામંત્ર ધૂન અને ભવ્ય રાસ થયા હતા. હજારો ભક્તો અલૌકિક ભક્તિ રસમાં તરબોળ થઈ ધન્ય ધન્ય બન્યા હતા. રાત્રે ૧૨-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે લીલા પુરુષોત્તમ શ્રી કૃષ્ણ ભગવાનના જન્મોત્સવની આરતી ધામધૂમ અને હર્ષોલ્લાસ સાથે થઈ હતી. સમગ્ર આયોજન કોઠારી જે.કે. સ્વામી, મુનિ સ્વામી આદિ સંત મંડળે સુંદર રીતે કર્યું હતું. (શા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટો)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ડાંગરવા (વાંટો) અષાઢ વદ-૧૧ થી મહિલા મંડળ દ્વારા ઠાકોરજીને વિવિધ પ્રકારના ફળ, ચોકલેટ, રમકડાં, ડ્રાઈફ્રૂટ, ફુલો આદિના કલાત્મક સુંદર હિંડોળા બનાવી ભગવાન શ્રીહરિને ઝુલાવીને સુંદર દર્શન કરાવ્યા હતા. ઘણા બહેનોએ બપોરે ૩ થી ૫ કીર્તન ભક્તિ, કથા વાર્તા અને ધૂન કરી હતી.

તા. ૧૬-૮-૧૬ ના રોજ હિંડોળાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. (મહિલા મંડળ ડાંગરવા-વાંટો)

**હિંમતનગર નિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહાપૂજા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)ની પ્રેરણાથી તા. ૧૪-૮-૧૬ ના રોજ નિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર ખાતે સુંદર સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦૦ જેટલા ભાવિક ભક્તોએ મહાપૂજામાં બેસી લાભ લીધો હતો. આ પ્રસંગે જેતલપુરધામના મહંત પૂ. સ.ગુ. સ્વામી આત્મપ્રકાશદાસજી અને પ્રાંતિજ મંદિરના મહંત સ્વામી ગોપાલજીવનદાસજી આદિ સંતોએ પધારી પૂર્ણાહુતિની આરતી ઉતારીને સર્વે હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ પ્રસંગના યજમાન પ.ભ. જગદીશભાઈ બાબુભાઈ પટેલ રહ્યાં હતાં. (મિતેશ એસ. પટેલ (નવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીનગર કલોલ**

શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (શ્રીનગર)માં અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત ભુજ કચ્છના રાજાણી બાબુભાઈ આદિ પરિવારના સહયોગથી ઠાકોરજી સમક્ષ ભવ્ય કલાત્મક હિંડોળા બનાવી સાંજે ૫ વાગે આરતી ઉતારી ભગવાનને ઝુલાવવામાં આવતા હતા.

અત્રે ચાતુર્માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ધમાસણા દેશના શા.સ્વા. સત્યસંકલ્પદાસજીએ શ્રીહરિ વનવિચરણની કથા કરીને હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. કલોલ ગુરુકુલના શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજીએ પણ પાંચ દિવસ સુંદર કથાનો લાભ આપ્યો હતો. ઘણાજ ભાઈ બહેનોએ કથા શ્રવણ કરી ધન્ય ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી દશરથભાઈ સોમાભાઈ શ્રીનગર કલોલ મંદિર)

### વિસનગર ખાતે ત્રિદિનાત્મક જ્ઞાનસત્ર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી વિસનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા અ.નિ. પ.ભ. મહેન્દ્રભાઈ જયંતીલાલ ભાવસારના સ્મરણાર્થે તેમના પુત્રો પ.ભ. ધવલભાઈ ભાવસાર (ઓસ્ટ્રેલીયા) અને પ.ભ. સંદિપભાઈ ભાવસાર પરિવારના યજમાન પદે સુંદર ત્રિદિનાત્મક જ્ઞાન સત્ર યોજાયું. જેમાં પ્રથમ દિને શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ (ગાંધીનગર સે-૨) જીવનમાં ધર્મનું મહત્વ, બીજા દિવસે સ.ગુ. મહંત શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી (નારણપુરા મંદિર)એ સત્સંગ અને કુસંગ અને ત્રીજા દિવસે શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ આપણો સંપ્રદાય આ ગહન વિષયો પર સુંદર દ્રષ્ટાંત સાથે ખૂબજ સરળ ભાષા-શૈલીમાં હરિભક્તોને સમજાવ્યું હતું. આ પ્રસંગે સંતોમાં મહંત શા. નાના પી.પી. સ્વામી, શા.સ્વા. નારાયણમુનિદાસજી, શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી, પૂ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી, મહંત શા.સ્વા. વાસુદેવચરણદાસજી, હરિચરણ સ્વામી વગેરે ધામોધામથી સંતો પધાર્યા હતા.

પૂર્ણાહુતિ પ્રસંગે શ્રીહરિના ૮ માં વંશજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ આપતા કહ્યું કે સંપ્રદાયની વિશિષ્ટતા છે કે, દરેક સંત હરિભક્તો શ્રી નરનારાયણદેવ દેશ ગાદી માટે સમર્પિત છે. વિસનગર યુવક મંડળ આજુબાજુના ગામોમાં જઈને શ્રીજી મહારાજના મૂળ સિધ્ધાંતોને ઉજાગર કરવાનું અવિરત કાર્ય કરે છે. યજમાન પરિવાર પણ નિષ્ઠાવાળો છે. તેથી અમને વિશેષ આનંદ થાય છે. વિસનગરના સત્સંગ ઉપર શ્રી નરનારાયણદેવની કૃપા ખૂબજ રહે તેવી પ્રાર્થના.

આ ત્રીજા જ્ઞાનસત્રમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન પ.ભ. ઉદયનભાઈ મહારાજાએ પુરૂ પાડ્યું હતું.

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર કલાત્મક હિંડોળા દર્શન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અત્રે મંદિરના મહંત સ્વામી સ.ગુ. પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત સુરેન્દ્રનગર મંદિરમાં ઠાકોરજી સમક્ષ કલાત્મક સુવર્ણજડિત હિંડોળા શણગારી ઠાકોરજીને ઝુલાવવામાં આવ્યા હતા. છેલ્લા દસ દિવસ સભા મંડપમાં એકી સાથે ૧૨ થર્મોકોલ સાથે હિરના હિંડોળા બનાવીને ભક્તોને ઠાકોરજીના દર્શન કરાવ્યા હતા. શ્રીહરિને જલાભિષેકનો લાભ અનેક ભક્તોએ લીધો હતો. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શન મુજબ શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ (તા. હળવદ) (શ્રીહરિકૃષ્ણધામ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. સ્વામી ભક્તિહરિદાસજીની પ્રેરણાથી રણજીતગઢ શ્રીહરિકૃષ્ણ ધામ મંદિર ખાતે ગુરુ પૂર્ણિમાના રોજ સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન સંત હરિભક્તોએ કર્યું હતું.

પ્રાસંગિક સભામાં પૂ. ભક્તિનંદન સ્વામી અને મોરબી મંદિરના મહંત સ્વામીએ દેવ, ધર્મકુળ અને આપણી ગુરુ પરંપરા સમજાવી હતી. સભા સંચાલન મોરબી મંદિરના મહંત શા.સ્વા. ભક્તિનંદનદાસજીએ સુંદર રીતે શોભાવ્યું હતું. (પ્રતિ. અનીલ દુધરેજીયા - ધ્રાંગધ્રા)

### ગુરુપૂર્ણિમા ગુરુપૂજન અર્થે ધ્રાંગધ્રાથી મૂળી ધામયાત્રા

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. ભક્તિહરિસ્વામી (મૂળી મંદિર સ્કીમ કમિટી

સભ્યશ્રી)ની પ્રેરણાથી ધ્રાંગધ્રાથી ધર્મકુળ આશ્રિત ૧૫૦ હરિભક્તોએ લકઝરી બસમાં મૂળીધામ પધારીને ગુરુ પૂર્ણિમા પ્રસંગે સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન કરી ખૂબજ ધન્ય બન્યા હતા. (પ્રતિ. અનિલ દુધરેજીયા)

## વિદેશ સત્સંગ સમાચાર

**છપૈયાધામ શ્રી સ્વામિનારાયણ મંદિર (અમેરિકા, આઈ.એસ.એસ.ઓ.)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી છપૈયાધામ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૩૧ જુલાઈ ૨૦૧૬ રવિવારના સાંજે ૪ થી ૮ સુંદર સત્સંગ સભા થઈ હતી. સ્વામી સત્યસ્વરૂપદાસજીએ સુંદર વનવિચરણની કથા સંભળાવી હતી. અને સૌ હરિભક્તોએ સાથે મળી કીર્તન ભક્તિ કરી હતી. ઠાકોરજી સમક્ષ ભરતગૂંથણના ભવ્ય હિંડોળાનું રૂપલ કાકડીયા દ્વારા સુશોભન કરવામાં આવ્યું હતું. પ્રહલાદભાઈ પટેલે મંદિરની પ્રવૃત્તિનો અહેવાલ આપ્યો હતો. સમગ્ર પ્રસંગમાં પ્રહલાદભાઈ, દિપક, હેમેન્દ્રભાઈ, દર્પેશ, નરેન્દ્ર, પ્રેમચંદભાઈ, ઘનશ્યામભાઈ આદિએ યજમાન બની સેવા કરી હતી. (પ્રહલાદભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો ઈટાસ્કા ૧૮ મો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શિકાગો ઈટાસ્કા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૮ મો પાટોત્સવ ધામધૂમથી સંપન્ન થયો.

પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ નવાન્હ પારાયણ અત્રેના મહંત શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજીના વક્તાપદે મધુર કંઠે થઈ હતી. ૧૮ કલાકની મહામંત્ર ધૂન, પોથીયાત્રા, નવનવ દિવસ કથામૃતપાન, હરિયાગ, ઠાકોરજીનો મહાભિષેક, છપ્પન ભોગ અન્નકૂટ અને બ્લડ ડોનેશનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શિકાગોના ભક્તોને દર્શન આપવા આપણા સૌના લાડીલા પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. જેમના આગમનથી અહીંનો સત્સંગ સમુદાય ખૂબજ ઉત્સાહિત થયો હતો. તેઓશ્રીના શુભ આશીર્વાદનો લાભ સભામાં અવાર-નવાર મળતો. જેથી સત્સંગને ખૂબજ બળ મળ્યું. પ.પૂ. મોટા મહારાજશ્રી પણ અહીંના સૌ ભક્તોને મળીને અતિ રાજી થયા હતા. આ પ્રસંગને શોભાવવા સત્સંગના લાડીલા ધર્મમાર્તન્ડ વિશ્વવંદનીય પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ પધાર્યા હતા. જેઓશ્રીના આશીર્વાદથી સત્સંગમાં પોતાપણું લાગતું હતું. જેઓશ્રીની મધુર વાણી અને લાગણીસભર વ્યક્તિત્વ-પ્રેમથી નાનામાં નાનો બાળક પણ ખૂબજ ઉત્સાહિત થઈ તેઓશ્રીની સમક્ષ બેસતો હતો. સમસ્ત સત્સંગી બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા.

ધામોધામના સંતોમાં સ.ગુ. સ્વામી ગુરુપ્રસાદદાસજી (અમદાવાદ), મુક્તસ્વરૂપ સ્વામી (એટલાન્ટા), શ્રીજીસ્વરૂપ સ્વામી (બાયરન), જયકૃષ્ણ સ્વામી (એલ.એ.) અને માધવ સ્વામી (ડેટ્રોઈટ) તથા અહીંના પૂજારી સ્વામી શાંતિપ્રકાશદાસજી આદિ સંતોએ ભગાવનના સર્વોપરી પણાની અને ધર્મકુળના માહાત્મ્યની વાતો કરી હતી.

સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ-પ્રેરણાથી શિકાગો મંદિરમાં બિરાજમાન દેવોના સોનાના મૂગટ માટે મહંત શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી ને પૂજારી સ્વામી શાંતિપ્રકાશદાસજીએ હરિભક્તો સમક્ષ વાત જણાવી અને ધર્મકુળની નિશ્રામાં જ સર્વે હરિભક્તોએ સોનાનો વરસાદ વરસાવી દીધો. ૧૮ માં પાટોત્સવના યજમાનો : પાટોત્સવના મુખ્ય યજમાન ગં.સ્વ. સાકરબેન આત્મારામ પટેલ પરિવાર (મનુભાઈ-શંકુતલાબેન, વિનોદભાઈ, સરોજબેન, જગદીશભાઈ (પ્રેસિ.) અને હેતલબેન) તથા અ.નિ.પ.ભ. ચંચળબેન રામદાસ પટેલ પરિવાર (વિકટરભાઈ અને રોશનીબેન સોલીયા પટેલ),

સહ યજમાન પ.ભ. નારાયણભાઈ અમીદાસ પટેલ પરિવાર વડુ વિનોદભાઈ - તારાબેન, કિશનભાઈ-રીટાબેન), પારાયણના મુખ્ય યજમાન પ.ભ. જીગ્નેશભાઈ-રિપલબેન પટેલ પરિવાર મોખાસણ, સહ યજમાન પ.ભ. રમણભાઈ-કપિલાબેન પટેલ પરિવાર (રાજેશ-મીનાબેન, સંજય-પુનિતાબેન), મહાભિષેકના યજમાન પ.ભ. જસુભાઈ-કમુબેન ચૌધરી પરિવાર (બાલવા), સહ યજમાન પ.ભ. ડૉ. મનોજભાઈ-રાજેશ્વરીબેન બ્રહ્મભટ્ટ પરિવાર, અન્નકૂટના મુખ્ય યજમાન પ.ભ. ભરતભાઈ જ્યોત્સનાબેન ચૌધરી પરિવાર (પલીયડ) પ.ભ. ભૂપેન્દ્રભાઈ-વર્ષાબેન ચૌધરી પરિવાર સહ યજમાન પ.ભ. વાસુદેવભાઈ-નિતાબેન પટેલ પરિવાર (મોખાસણ), હરિયાગના યજમાન પ.ભ. રાયસંગભાઈ-મણીબેન ચૌધરી પરિવાર (માણેકપુર), ધર્મકુળ પૂજનના યજમાન પ.ભ. જગદીશભાઈ-હેતલબેન પટેલ અને પ.ભ. વિકટરભાઈ રોશનીબેન સોલિયા (પટેલ), સંત પૂજનના યજમાન પ.ભ. ઠાકોરભાઈ નભુભાઈ જયશ્રીબેન પટેલ (ઉવારસદ) આદિ હરિભક્તોએ આ રીતે વિવિધ સેવાના યજમાન બની અલૌકિક લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા.

નિજ મંદિરમાં વિરાજમાન દેવોનો મહાભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી ષોડશોપચારપૂર્વક સંપન્ન થયો હતો. હજારો હરિભક્તોએ આવા મહાઅલૌકિક દર્શન કરીને જીવન ધન્ય બનાવ્યું હતું. દેવ અને ધર્મકુળ સૌ ભક્તો પર ખૂબજ રાજી રહે તેવી પ્રાર્થના. (વસંત ત્રિવેદી શિકાગો)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરન્ટો કેનેડાનો ૮ મો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ્ સમસ્ત ધર્મકુળના શુભ આશીર્વાદથી તથા બ્રહ્મનિષ્ઠ સંતોની શુભ ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરન્ટો કેનેડાનો ૮ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

તા. ૫-૮-૧૬ ના રોજ પારાયણના ઉપલક્ષમાં પોથીયાત્રા નિજ મંદિરથી કથા સ્થળ સુધી કાઢવામાં આવી હતી. તા. ૫-૮-૧૬ થી તા. ૭-૮-૧૬ પર્યન્ત ત્રિદિનાત્મક શ્રીહરિ લીલા ચરિત્રામૃતની કથા શા.સ્વા. ચંદ્રપ્રકાશદાસજી (સિધ્ધપુર મંદિર મહંતશ્રી)ના સુમધુર કંઠે સંપન્ન થઈ.

તા. ૬-૮-૧૬ ના રોજ સવારના મહાવિષ્ણુયાગની સંપૂર્ણ વિધિ પૂજારી આશિષભાઈ કરાવી હતી સાથે વિરલભાઈ મહેતાએ યજ્ઞમાં બેસીને સહયોગ આપ્યો હતો. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો.

તા. ૭-૮-૧૬ ના રોજ સિધ્ધપુરના મહંત શા.સ્વા. ચંદ્રપ્રકાશદાસજી, બોસ્ટથી પધારેલા મહંત સ્વામી વિવેકસાગરદાસજી, પૂજારી સ્વામી શાંતિપ્રકાશદાસજી (શિકાગો મંદિર) આદિ સંતો દ્વારા ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ધામધૂમથી સંપન્ન થયો.

પારાયણની પૂર્ણાહુતિ, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન, આરતી, સંતનું પૂજન, યજમાનોનું સન્માન બાદ નિજ મંદિરમાં દેવ સમક્ષ સત્સંગી બહેનો દ્વારા બનાવેલ વિવિધ વાનગીઓનો સુંદર ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો. અન્નકૂટ આરતી સંતો સાથે યજમાનશ્રીઓએ કરી હતી. ત્રણેય દિવસ સૌ ભક્તોને મહાપ્રસાદ જમાડવામાં આવેલ. ૫૦૦ જેટલા હરિભક્તોએ અન્નકૂટ દર્શન કરી મહાપ્રસાદ લઈ ધન્ય થયા હતા.

ત્રણ દિવસ સંતોના જ્ઞાન-આશીર્વાદ સૌને મળ્યા, નાના મોટા સૌ હરિભક્તોની પ્રેરણારૂપ સેવા હતી. પ્રેસિ. શ્રી દશરથભાઈ ચૌધરીએ આભાર વિધિ કરી હતી. સભા સંચાલન સેક્રેટરીશ્રી રસિકભાઈ પટેલે સુંદર રીતે કર્યું હતું. પાટોત્સવમાં વિવિધ સેવામાં હરિભક્તોએ યજમાન બની દેવ, આચાર્યશ્રી અને સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. ૮ માં પાટોત્સવનું સૌને અલૌકિક સંભારણું બની રહ્યું. (ભાઈલાલભાઈ પટેલ ટોરન્ટો)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૯ મો જન્મોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા સેન્ટ્રલ ન્યુજર્સી ખાતે શનિવાર વિકેન્ડ દરમ્યાન સાંજના ૫-૦૦ થી ૮-૦૦ દરમ્યાન મહંત શા.સ્વામી ધર્મકિશોરદાસજી તથા પાર્ષદ મૂળજી ભગતની પ્રેરણાથી સૌ હરિભક્તોએ સાથે મળી પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૯ મો જન્મોત્સવ હર્ષોલ્લાસ સાથે ભવ્યતાથી ઉજવ્યો હતો. સૌ પ્રથમ યુવા હરિભક્તો દ્વારા કીર્તન-ભક્તિ, શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન બાદ સંતો અને ભગતજીએ પ.પૂ. લાલજી મહારાજશ્રીની તસવીરનું પૂજન કર્યું હતું. ત્યારબાદ યજમાન પરિવાર અને સૌ ઉપસ્થિત હરિભક્તોએ પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

ત્યારબાદ મહંત સ્વામીએ શ્રીહરિના દિવ્ય કુળ ધર્મકુળનું મહિમા માહાત્મ્ય અને તેઓશ્રી દ્વારા થતી સત્સંગની અવિરત પ્રવૃત્તિની વિસ્તૃત માહિતી આપી હતી. યજમાનોનું સન્માન અને આગામી કોલોનીયા મંદિરનો ૧૧ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાશે તેની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ હનુમાન ચાલીસા, જનમંગલ પાઠ, સંધ્યા-શયન આરતી અને થાળ થયા હતા. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર છપૈયાધામ પારસીપની (અમેરિકા) પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૯ મો જન્મોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર છપૈયાધામ પારસીપની ખાતે રવિવાર વિકેન્ડમાં સાંજના ૫ થી ૮ દરમ્યાન મહંત સ્વામીની પ્રેરણાથી સૌ હરિભક્તોએ સાથે મળી પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૯ મો જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો.

હરિભક્તો દ્વારા ધૂન-ભજન કીર્તન બાદ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની તસવીરનું મહંત સ્વામી, યજમાન પરિવાર અને સૌ હરિભક્તોએ પૂજન-અર્ચન કર્યું હતું. સ્વામીએ સમગ્ર ધર્મકુળની સત્સંગ અર્થેની અવિરત પ્રવૃતિની સુંદર માહિતી સાથે માહાત્મ્ય મહિમા કહ્યું હતું. સભામાં આજના પ્રસંગના યજમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. ઠાકોરજી સમક્ષ રોજે સુંદર કલાત્મક ભવ્ય હિંડોળા દર્શન કરાવવામાં આવતા હતા. સંધ્યા આરતી થાળ સમૂહમાં જનમંગલ પાઠ અને શયન આરતી બાદ નિત્ય નિયમ કરી સૌ વિદાય થયા હતા. ( પ્ર વિ ણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન ન્યુજર્સી**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકનમાં મહંત સ્વામી નરનારાયણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી સત્સંગ પ્રવૃતિ સુંદર ચાલે છે. ગુરુપૂર્ણિમાના શુભ દિને સભામાં સૌ સંત-હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. સ્વામીએ કહ્યું કે શ્રીજી મહારાજે સ્વયં પોતાના સ્થાને પ્રસ્થાપિત કરેલ બંને દેશના ગાદીના આચાર્ય મહારાજશ્રીની ગુરુ પરંપરા સમજાવી હતી. ત્યારબાદ વિકેન્ડમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૯ મા જન્મોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીની તસવીરનું પૂજન કરી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને બાળકોએ સુંદર મજાની કેક કાપીને આપણા વ્હાલા પ્રાણપ્યારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૯ મો જન્મોત્સવ ધામધૂમપૂર્વક ઉજવ્યો હતો. મહંત સ્વામી અને હરિભક્તોએ સાથે મળી ઠાકોરજીને કલાત્મક સુંદર અલૌકિક હિંડોળા બનાવીને ઝુલાવી દર્શન કરાવ્યા હતા. (બળદેવભાઈ પટેલ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| અષાઢ સુદ-૧ | પટેલ કાંતિભાઈ શિવદાસ રેવીદાસ (મોહનથાળ) | સોજા |
| અષાઢ સુદ-૨ | પટેલ રમેશભાઈ પરસોતમદાસ (મોહનથાળ) | મુંબઈ |
| અષાઢ સુદ-૨ | શ્રી ઘનશ્યામ ટીમ્બર માર્ટ (મોહનથાળ) | ઓળા |
| અષાઢ સુદ-૪ | પટેલ રૂક્ષ્મણીબેન કરશનભાઈ મણીભાઈ (મગસ) | ડેમાઈ |
| અષાઢ સુદ-૪ | અ.નિ. પ્રેમબાઈ રામજીભાઈ (મગસ) | સુખપર-કચ્છ |
| અષાઢ સુદ-૬ | અ.નિ. ઠક્કર જસુમતીબેન રમણલાલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અષાઢ સુદ-૬ | પટેલ પ્રતિક રમેશભાઈ (ચુરમાના લાડુ) | બાકરોલ |
| અષાઢ સુદ-૯ | પટેલ મનસુખભાઈ જયરામભાઈ (દૂધપાક પુરી) | બોટાદ |
| અષાઢ સુદ-૧૨ | ભોરણીયા મગનભાઈ દામજીભાઈ (દૂધપાક-પુરી) | મોરબી |
| અષાઢ સુદ-૧૨ | હિરાણી પ્રેમીલાબેન કુંવરજી (મોહનથાળ) | લંડન |
| અષાઢ સુદ-૧૩ | પટેલ કનુભાઈ શંકરભાઈ (બુંદીના લાડુ) | મોડાસા |
| અષાઢ સુદ-૧૩ | પટેલ કનૈયાલાલ પ્રહલાદભાઈ (મગસ) | કોઠા |
| અષાઢ સુદ-૧૩ | સોરઠીયા હિરજીભાઈ જેરામભાઈ (દૂધપાક માલપુવા) | અમદાવાદ |
| અષાઢ સુદ-૧૩ | ગં.સ્વ. જાની સુશીલાબેન ઉમાશંકર (મોહનથાળ) | અમદાવાદ |
| અષાઢ સુદ-૧૩ | ભૂવા સુરેશભાઈ નાનજીભાઈ (મગસ) | હરિપર |
| અષાઢ સુદ-૧૩ | ગજ્જર વાસુદેવભાઈ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| અષાઢ સુદ-૧૩ | પટેલ ભૂપેન્દ્રભાઈ મંગળભાઈ (બુંદીના લાડુ) | |
| અષાઢ વદ-૧ | મેઘબાઈ હરજી કારા (મોહનથાળ) | દહીંસરા-કચ્છ |
| અષાઢ વદ-૧ | ટાંક ભીખુભાઈ રવજીભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| અષાઢ વદ-૧ | સત્સંગી બહેનો (મોહનથાળ) | પૂના |
| અષાઢ વદ-૩ | પટેલ ભક્તિભાઈ માધવદાસ (ચુરમાનાલાડુ) | કલોલ |
| અષાઢ વદ-૪ | અ.નિ. ભાવસાર મહેન્દ્રકુમાર જયંતીલાલ (ચુરમાના લાડુ) | હિંમતનગર |
| અષાઢ વદ-૪ | સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (ચુરમાના લાડુ) | કોટેશ્વર ગુરુકુળ |
| અષાઢ વદ-૫ | પટેલ શ્લોક વાસુદેવભાઈ બાબુલાલ (મોહનથાળ) | મોખાસણ |
| અષાઢ વદ-૬ | પરમાર માવજીભાઈ મેઘજીભાઈ (મોહનથાળ) | સુરત |
| અષાઢ વદ-૭ | વરસાણી દક્ષાબેન લાલજી (ચુરમાના લાડુ) | સામત્રા-કચ્છ |
| અષાઢ વદ-૯ | અ.નિ. પટેલ હરજીવનભાઈ જીવરામભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| અષાઢ વદ-૧૦ | પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૯ માં પ્રાકટ્યોત્સવ દિન પ્રસંગે | |
| અષાઢ વદ-૧૨/૧૩ | અ.નિ. સુપુત્રી કાંતાબેન માવજીભાઈ ટાંક (ચુરમાના લાડુ) | જીરાગઢ-લેસ્ટર |
| અષાઢ વદ-૧૨/૧૩ | પટેલ જૈનિલ ભરતભાઈ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| અષાઢ વદ-૧૨/૧૩ | પટેલ દશરથભાઈ રેવાભાઈ (ચુરમાના લાડુ) | ડુંગરી-ઈડર |
| અષાઢ વદ-૧૨/૧૩ | અ.નિ. સાં. ધોળીબાના નિમિત્તે (મોતૈયા લાડુ) | મોરબી |
| અષાઢ વદ-૧૨/૧૩ | હિરાણી ગોપાલભાઈ રામજીભાઈ (ચુરમાના લાડુ) | ગોડપર-કચ્છ |
| અષાઢ વદ-૧૨/૧૩ | સોની ચેતનભાઈ ભવાનભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અષાઢ વદ-૧૨/૧૩ | પોપટ નરેન્દ્રભાઈ કાંતિભાઈ (ચુરમાના લાડુ) | હૈદ્રાબાદ |
| અષાઢ વદ-૩૦ | દેસાઈ થોભણભાઈ હિંગોળભાઈ (મોહનથાળ) | અમદાવાદ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૧૦૧/- કાચા લક્ષ્મણભાઈ રમણીકભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર., પ્રકાશભાઈ એમ. કપીલભાઈ,સૂરજ, કુલદિપ, કર્નલ, પૃથ્વીરાજ અને સહજ આદિ પરિવાર — કાચા ટેલર્સ-લેસ્ટર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ-ધર્મકુળ પ્રસન્નાર્થે — કચ્છ-ઈસ્ટલંડન
૧૦૦/- અ.નિ. ભાસ્કરભાઈ બચુભાઈના સ્મરણાર્થે — નાંદોલ
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-નાઈરોબી
૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિન ધીરૂભાઈ ના સ્મરણાર્થે — જાંબુડાવાળા
૧૦૦/- ટાંક અંકિત, નિમેષ, નિયતિ, બિપીન શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ
૧૦૦/- પટેલ જીજ્ઞેશભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — હરિપર
૧૦૦/- પટેલ સુનીલભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — હરિપર
૧૦૧/- ટાંક મહેશ બાલુભાઈ પુત્ર જન્મ પ્રસંગે — મુંબઈ
૧૦૦/- ચાવડા રાજેન્દ્રસિંહ ભીખાજી શ્રીજી પ્રસન્નાર્થે — બિલોદરા
૨૦૧/- પટેલ પ્રેક્ષા શૈલેષકુમાર કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે — વડુ
૨૦૦/- દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા
૧૦૦/- મિરાણી કનૈયાલાલ ભગવાનજી ગુરુ પૂર્ણિમા નિમિત્તે — આદિપુર-કચ્છ
૨૦૦/- અ.નિ. કમળાબેન રામભાઈ પટેલના સ્મરણાર્થે — મોખાસણ
૫૦૦/- પટેલ દિલીપકુમાર અમરતલાલ ચિ. રૂદ્રના જન્મ દિને — ગુલાબપુરા
૨૦૦/- સહજાનંદ ડેરી ફાર્મ નવી મિલ્કવાન ખરીદી તે નિમિત્તે — ગુલાબપુરાવાળા
૨૦૦/- પટેલ જીનલબેન વિષ્ણુભાઈ આઈ.ઈ.એલ.પી.એસ. ૭ બેન્ડ આવ્યા તે નિમિત્તે — ડાંગરવા
૨૦૦/- પટેલ વંશ વિષ્ણુભાઈ જન્મ દિને — ડાંગરવા
૧૦૦/- અ.સૌ. ચાવડા શારદાબેન ચંદુલાલ ચાર ધામ યાત્રા નિમિત્તે — બળોલ-ભાલ
૧૦૦/- અ.સૌ. ચાવડા કંચનબેન મનુભાઈ ચાર ધામ યાત્રા નિમિત્તે — બળોલ-ભાલ
૧૦૦/- અ.સૌ. સિંધવ પુષ્પાબેન ભગવાનભાઈ ચાર ધામ યાત્રા નિમિત્તે — બળોલ-ભાલ
૧૦૦/- અ.સૌ. પરમાર શારદાબેન ડાહ્યાભાઈ ચાર ધામ યાત્રા નિમિત્તે — બળોલ-ભાલ
૧૦૦/- અ.સૌ. ખેર હીરાબેન ગંભુભાઈ ચાર ધામ યાત્રા નિમિત્તે — બળોલ-ભાલ
૧૦૦/- અ.સૌ. ચાવડા નંદાબેન ખોડાભાઈ ચાર ધામ યાત્રા નિમિત્તે — બળોલ-ભાલ
૧૦૦/- અ.સૌ. ચાવડા ગીતાબેન ગંભુભાઈ ચાર ધામ યાત્રા નિમિત્તે — બળોલ-ભાલ
૧૦૦/- અ.સૌ. કો. પટેલ મંજુબેન રમેશભાઈ ચાર ધામ યાત્રા નિમિત્તે — બળોલ-ભાલ
૧૦૦/- અ.સૌ. પરમાર લાભુબેન મહાદેવભાઈ ચાર ધામ યાત્રા નિમિત્તે — મોટાગોરૈયા
૧૦૦/- ચાવડા ચંદુકાકા રામસંગભા પૂ. ધર્મસ્વરૂપ સ્વામી કાંકરિયા મંદિરના મહંત થયા તે નિમિત્તે — બળોલ-ભાલ
૫૦૦/- મોદી સાગર મિનેષભાઈ જોબ મળી તે નિમિત્તે — વડનગર
૫૦૦/- ચૌધરી વિ.કે. ચિ. પુત્રી પિમુના લગ્ન પ્રસંગે — માણેકપુર
૨૦૦/- ટાંક ભારતી બિપીન ગુરુ પૂર્ણિમા તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે — મુંબઈ
૨૦૦/- પટેલ અમરીષકુમાર પ્રેમજીભાઈ જન્મ દિને — ઓસ્ટ્રેલીયા
૧૦૦/- પટેલ બાબુભાઈ ગિરધરદાસ શ્રીજી પ્રસન્નાર્થે — લવારપુર
૧૦૦/- ભાવસાર વર્ષાબેન રમેશચંદ્ર જન્મ દિને — અમદાવાદ
૧૦૦/- પટેલ નિશાંતકુમાર જયંતીભાઈ સી.બી.એસ.સી. ધો-૧૨ બોર્ડમાં ૯૪ ટકા નિમિત્તે — શિવપુરા
૧૦૦/- અ.નિ. પટેલ ઉષાબેન દશરથભાઈના સ્મરણાર્થે — અસલાલી
૧૦૦/- પટેલ જયંતીભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — વહેલાલ
૧૦૦/- પટેલ દિવ્યકુમાર અશોકભાઈ જન્મ દિને — વિહાર
૧૫૧/- પટેલ શ્રીજય સાંકળચંદ લગ્ન પ્રસંગે — અમદાવાદ
૨૫૧/- અમીન વર્ષાબેન જગદીશભાઈ જન્મ દિને — દહેગામ

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

૫૦૦/- અ.નિ. પટેલ કાંતિભાઈ સોમાભાઈ અંબાપુર
બીજી પુણ્ય તિથિ નિમિત્તે
૨૦૧/- પટેલ ધ્રુવ વિપુલભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- સુદાણી હરિકૃષ્ણ લાલજીભાઈ અમદાવાદ
નવો મોબાઈલ લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- રાદડીયા ભરતભાઈ દુદાભાઈ ગાંધીનગર
ચિ. અંકિતાને કેનેડા બેંકમાં પ્રમોશન નિમિત્તે
૧૦૧/- રાદડીયા ભરતભાઈ ડી. પ્રમોશન મળ્યું તે નિમિત્તે ગાંધીનગર
૧૦૦/- મનાણી શાંતિભાઈ નારણભાઈ જીરાગઢ
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પટેલ અરવિંદભાઈ પ્રભુદાસ માણસા
ચિ. નક્ષને સ્કુલે ભણવા મૂક્યો તે નિમિત્તે
૨૦૦/- કા. સંકેતભાઈ શંકરપ્રસાદ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે લુણાવાડા
૧૦૦/- અ.નિ. અમીન જ્યોત્સનાબેન શંભુભાઈ દહેગામ
પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- સિંધવ ભીખાભાઈ લાલજીભાઈ ડેડીયાસણ
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- કા. ધર્મેશ બિપીનચંદ્ર અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તેઅમદાવાદ
૧૫૧/- પટેલ કૌશલ રમેશભાઈ અંબાલાલ મોટેરા
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૨૦૦/- પટેલ કચરાભાઈ જોઈતારામ શ્રીજી પ્રસન્નાર્થે ગવાડા
૨૦૦/- પટેલ બળદેવભાઈ જોઈતારામ શ્રીજી પ્રસન્નાર્થે ગવાડા
૧૦૦/- જાડેજા રસિકબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે કોટડાનાયાણી
૧૦૦/- જાડેજા દિવરાજસિંહ હિતેન્દ્રસિંહ કોટડાનાયાણી
સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે
૨૦૦/- જાડેજા વિજયાબા રણજીતસિં કોટડાનાયાણી
રિશીતાબા અને અક્ષરદીપ પાસ થયા તે નિમિત્તે
૨૦૦/- ચૂડાસમા બીનાબા અનિરૂદ્ધસિંહ કોટડાનાયાણી
ચિ. ઉર્વશીબા, ધનરાજસિંહ પાસ થયા તે નિમિત્તે
૨૫૧/- પાનસુરીયા સત્વ હાર્દિકભાઈ તા. ૨૯-૬ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ ક્રીનાબેન હિમાંશુભાઈ જન્મ દિને લવારપુર
૨૦૦/- પટેલ સુમિતભાઈ ઈશ્વરભાઈ નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે કોચાડા
૧૦૦/- રામપરીયા હિતેન્દ્ર અમરશીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૦/- રામપરીયા માનવ હિતેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૦/- રામપરીયા પાર્થ હિતેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૫૦૦/- પટેલ ભાવેશ હર્ષકાંત શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે હિરામોતી
૧૦૦/- વખારીયા સચિન નિતિનભાઈ જોબ મળી તે નિમિત્તે અમદાવાદ
૧૫૧/- પોરીયા અમીબેન જયવદન વેવિશાળ નિમિત્તે હિંમતનગર
૧૦૦/- આદેસરા હર્ષ પિયુષકુમાર જન્મ દિને અમદાવાદ
૧૦૧/- પટેલ કૌશલ પોપટલાલ ચિ. ભાણી મીરાના જન્મ દિને વિજાપુર
૫૦૦/- ગજ્જર રિધ્ધિ પ્રકાશભાઈ કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તેઝુલાસણ
૧૦૫/- રાણપરીયા જયેશભાઈ લક્ષ્મણભાઈ પુત્રીના જન્મ પ્રસંગેજીકીયાળી
૧૦૦/- મિસ્ત્રી પ્રાણભાઈ નારદભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે રતનપર
૧૦૦/- પટેલ રમેશભાઈ એસ., શ્રીજી પ્રસન્નાર્થે ઈટાદરા
૧૦૫/- મોદી અમરતલાલ મગનલાલ રક્ષાબંધન નિમિત્તે સેટેલાઈટ
૧૦૦/- ભાવસાર વૈશાલી હરિકૃષ્ણ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- ભાવસાર હેમીની હરિકૃષ્ણ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- ભાવસાર ઉત્સવ હરિકૃષ્ણ જન્મ દિને અમદાવાદ
૧૧૦૦૦/-અ.નિ. પ.ભ. પટેલ વિષ્ણુભાઈ વાવોલ
આદરભાઈના સ્મરણાર્થે હ. વિસ્તૃત વિષ્ણુભાઈ પટેલ
૫૦૧/- ચૌહાણ કિશોરભાઈ જીવરાજભાઈ ગાંધીનગર
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૩૧૧/- પટેલ વિનોદકુમાર મફતલાલ વાવોલ
ચેનપુર ખાતે સરકારી પ્લોટ મળ્યો તે નિમિત્તે
૧૦૦/- પટેલ સૂર્યકાંત અંબાલાલ ઉંઝા નવું મકાન બનાવ્યું તે નિમિત્તેસ્ટ્રેધામ
૫૦૦/- લાઠીયા મધુભાઈ ગોરધનભાઈ અમદાવાદ
ચિ. પુત્ર કાર્તિકના જન્મ દિને
૧૦૧/- પટેલ જયંતીભાઈ મરઘાભાઈ પૌત્ર રૂદ્રના જન્મ દિને ઉનાવા
૧૦૧/- પટેલ કાવ્ય પ્રિયલકુમાર જન્મ દિને ઉનાવા
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૫૦૫/- પટેલ સંકેત અમૃતભાઈ ઈસરોમાં જોબ મળી તે નિમિત્તે આબુ રોડ
૨૦૦/- ખટાણા ધિરેન લાલજીભાઈ બળોલવાળા
એફ.વાય.બી.એસ.સી.માં ફર્સ્ટ કલાસ નિમિત્તે
૧૦૧/- મોરી ઘનશ્યામભાઈ જીવાભાઈ ડેડીયાસણ
નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ ધ્રુવેશ અશ્વિનભાઈ નવું એકટીવા લીધું તે નિમિત્તે અમદાવાદ
૨૦૦/- ચૌધરી વેલાજી બાપુજી શ્રીજી પ્રસન્નાર્થે બાવળા
૧૦૦/- પટેલ ઉર્જાબેન દિનેશભાઈ જન્મ દિને આકરૂંદ
૧૦૦/- પટેલ વ્રજ દિનેશભાઈ જન્મ દિને આકરૂંદ
૧૦૧/- રાઠોડ દેવ કૌશિક જન્મ દિને મુંબઈ
૧૦૧/- રાઠોડ શિતલ પરેશ જન્મ દિને મુંબઈ
૫૦૦/- પટેલ ધરમશીભાઈ હરિભાઈ નવી દુકાન કરી તે નિમિત્તે મેથાણ
૫૦૦/- પટેલ મેનાબેન ધરમશીભાઈ મેથાણ
અમદાવાદમાં નવો ફલેટ ખરીદ્યો તે નિમિત્તે

## નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org

૨૫૧/- પટેલ મહાદેવભાઈ જયરામભાઈ — મેમનગર
અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે
૨૫૧/- પટેલ વસંતીબેન મહાદેવભાઈ — મેમનગર
અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે
૨૦૦/- વાઘેલા વ્રજરાજસિંહ વિજયસિંહ જન્મ દિને — ગોધાવી
૫૦૦/- પટેલ અભિકુમાર બિપીનભાઈ ૨૨-૮ જન્મ દિને — અમરાઈવાડી
૧૦૦/- ચૌધરી તખીબેન કાનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલવા
૧૦૦/- ચૌધરી હિરાબેન જેશંગભાઈ — બાલવા
ચિ. ભાણી સૃષ્ટિને સારા ટકા આવ્યા તે નિમિત્તે
૧૦૦/- ચૌધરી મેનાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલવા
૧૦૧/- અ.નિ. સાપરીયા ઉજીબેન કલ્યાણજીના સ્મરણાર્થે — ધૂડકોટ
૧૦૧/- સાપરીયા જીજ્ઞાબેન જયેશ જન્મ દિને — મુંબઈ
૧૦૧/- જયસ્વાલ પ્રોમિશકુમાર સંજયભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સૂકાટીંબા
૧૦૦/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સૂકાટીંબા
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ
૧૦૧/- રેશમવાળા પરાગકુમાર સુરેન્દ્રભાઈ — મુંબઈ
ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૧૦૦/- પટેલ કામીની પરેશ અને હની ચારધામ યાત્રા નિમિત્તે — મુંબઈ
૨૦૦/- ચૌહાણ મહેન્દ્રસિંહ પી. કોઠારી — ટાંકીયા
પૌત્ર યશરાજસિંહની બાબરી નિમિત્તે
૧૦૦/- કા. હરિકૃષ્ણ કોદરલાલ — રાબડીયા
બાલાસિનોરમાં મકાનના કામ નિમિત્તે
૨૫૦/- સોની અજીતકુમાર નારણદાસ અમેરિકા પ્રવાસ નિમિત્તે — માણસા
૨૫૦/- સોની જસવંતકુમાર નારણદાસ — માણસા
ગાંધીનગર દુકાન લીધી તે નિમિત્તે
૨૦૦/- પટેલ ગીરીશકુમાર વિઠ્ઠલભાઈ — અડાલજ
નવા મકાનમાં મહાપૂજા નિમિત્તે
૧૦૦/- અ.નિ. ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્યતિથિ નિમિત્તે — ટાંકીયા
૧૦૦/- બૂટીયા ધર્મરાજ ગણેશભાઈ — કાલીયાણા
બાલમંદિરમાં ભણવા મૂક્યા તે નિમિત્તે
૨૦૦/- જાદવ હિરેનકુમાર જેશંગભાઈ બોર બનાવ્યો તે નિમિત્તે — વઘાડા
૫૦૦/- ચૌધરી હિરાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલવા
૨૦૦/- ચૌધરી વર્ષાબેન જીજ્ઞેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલવા
૧૦૦/- ચૌધરી શાંતાબેન જેશંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલવા
૧૦૦/- ચૌધરી ભાવનાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલવા
૧૦૦/- ચૌધરી મીતાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલવા
૧૦૦/- પટેલ બ્રિજેશકુમાર જયંતીલાલ જન્મ દિને — વડુ
૧૦૦/- ચૌધરી પુરીબેન દિનેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલવા
૧૦૦/- ચૌધરી પ્રધાનબેન બાબુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલવા
૧૦૦/- ચૌધરી મણીબેન જીવણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે- — બાલવા
૧૦૦/- પટેલ ઈપ્સા પરાગ જન્મ દિને — કેનેડા
૧૦૧/- ભાવસાર નરેશકુમાર ડાહ્યાલાલ — વિસનગર
ચિ. રૂદ્ર તથા ક્રિશાના જન્મ દિને
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલીયાણા
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલીયાણા
૧૦૦/- મોદી લીલાબેન રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૧/- દરજી ભીખાભાઈ એસ. શ્રીજી પ્રસન્નાર્થે — દહેગામ
૧૦૧/- પટેલ ધૈર્યકુમાર યોગેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૦૧/- પટેલ હર્ષિલકુમાર ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૨૦૦/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ ચિ. પલના જન્મ દિને — કરજીસણ
૧૦૦/- ચૌહાણ શૈલેન્દ્રસિંહ ભીખુભા જન્મદિને — ભોળાદ
૧૦૦/- ચૌહાણ મેઘનાબા શૈલેન્દ્રસિંહ જન્મ દિને — ભોળાદ
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૧૦૦/- વાઘેલા સૂર્યાબા ગણપતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૧૦૦/- પટેલ હિરેન અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઈટાદરા
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ — ગરોડીયા
નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- કા. મીનાબેન કમલેશકુમાર પૌત્રના જન્મ પ્રસંગે — લુણાવાડા
૧૦૧/- કા. કમલેશભાઈ અંબાલાલ — લુણાવાડા
તેમના બહેનનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૧૫૧/- પટેલ નિવેદિતાબેન એ. જન્મ દિને — અમદાવાદ
૩૦૦/- પટેલ સંસ્કાર ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાયડ
૨૦૦/- પટેલ યુવરાજ ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાયડ
૧૦૦/- પટેલ દશરથભાઈ કચરદાસ શ્રીજી પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૦૦/- ઠક્કર ચંદ્રકાન્ત અંબાલાલ ૭૪ મી વર્ષગાંઠ નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- પટેલ નિષ્ઠાબેન રમેશભાઈ મેડીકલમાં એડમીશન નિમિત્તે — ઈરાડી
૧૦૧/- પટેલ નંદુબેન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ડેમાઈ
૧૦૧/- પટેલ સંગીતાબેન રાજેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ડેમાઈ
૧૫૦/- કા. શૈલેષકુમાર જયંતીલાલ — સાઠંબા
તેમના પિતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.















૧. જન્માષ્મી પ્રસંગે અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવ સમક્ષ આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા મંદિરના ચોકમાં રાસ ગરબા રમતા હરિભક્તો.
૨.બોસ્ટન મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા ઠાકોરજીના અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી
૩. નારાયણઘાટ મંદિરમાં પ.પૂ.અ.સૌ.ગાદીવાળાશ્રીની આજ્ઞાથી પારાયણ પ્રસંગે કથામૃતપાન કરાવતા સાંખ્યયોગી બહેનો તથા પોથીનું પૂજન કરતા યજમાન પરિવાર.

Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up to 31-12-2017


















૧. શિકાગો મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨.કેલીફોર્નિયા મંદિરમાં જન્માષ્ટમીના દિવસે ઠાકોરજીને ફૂલોના વાઘાના દર્શન. ૩.ડીટ્રોઈટ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીના ૧૯મા જન્મોત્સવ પ્રસંગે કેક કાપતા પ.પૂ.મોટા મહારાજશ્રી.૪. લેસ્ટર મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ અન્નકૂટ દર્શન. ૫. ટોરેન્ટો કેનેડા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ અન્નકૂટ દર્શન.

Praful Kharsani